Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૪૫ • તા. ૦૬ નવેમ્બર ૨૦૧૭ થી ૧૨ નવેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

K.D.O STUDENTS ASSOCIATION Estd. 1954

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

**Shree K.D.O. Students Association**

64 Shree KDO Students Association

organizes

# TRADE FAIR & FUN FAIR

ટ્રેડ ફેર અને ફન ફેર

GATHERING, TRADE & FUN!







VENUE: NIRMAL LIFESTYLE MALL,
MULUND (WEST)

DATE : 26th NOVEMBER 2017



TIME : 10:00 AM to 10:00 PM

We Welcome Start-Ups & New Ideas.

Inviting Traders from all over India.



₹ 1000 PER STALL

TO BOOK YOUR STALL CONTACT:

**9769502277**
**9773008712**



SHREEKDOVS E-mail shreekdovs@gmail.com

ભુલ સુધાર : અંક નં. ૪૨ના કવર પેજ ઉપર છપાયેલા ફોટામાંથી ટેકનીકલ ક્ષતીને કારણે અધુરા છપાયેલા બે ફોટોગ્રાફસ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ : શ્રી સંવત ૨૦૭૩ ચાતુર્માસના દાતાશ્રી સ્તંભ અને સાધર્મિક દાતાશ્રીઓ



અ.સૌ. પિંકીબેન કમલેશ ધરમશી પરિવાર



માતુશ્રી શીલાબેન માણેકજી લોડાયા પરિવાર હ.કેતનભાઈ

## અભિનંદન.... અભિનંદન.....
## શ્રી મયંક રીટાબેન ભરત લક્ષ્મીચંદ ભાટે



**Mayank Bharat Bhate,** S/o Bharat Lakhmichand Bhate, gaam Rapar Gadwari, haal Pune, has completed his training from the National Industrial Security Academy (NISA) Hyderabad and has been appointed as an Assistant Commandant in the Central Industrial Security Force (CISF).

It is a Class 1 gazetted officers post in the central government of India. He appeared for the Central Armed Police Force (CAPF) exam conducted by the UPSC in 2014. After being selected by the UPSC he joined the CISF and completed one year training at NISA. CISF is responsible for the security of vital installations and heritage and govt buildings like nuclear plants, ship ports, delhi metro, ONGC and IOCL refineries. They also provide security at all major airports and buildings like Taj Mahal, Red Fort, Salarjung Museum etc. Assistant Commandant is equivalent to DySP of police or Captain in the Army.

## પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



### અ.સૌ. હિના (નરશી) નરેન્દ્ર લખમશી નાગડા

ઉ.વ. ૫૭ (નલિયા - ઘાટકોપર)

જન્મ : તા. ૭/૭/૧૯૫૯ (મોટી સિંધોડી - ઘાટકોપર)<br>
અરિહંત શરણ : તા. ૬/૧૧/૨૦૧૬ (નલિયા - ઘાટકોપર)

કહેવાય છે કે જનાર તો, જતા રહ્યા,<br>
સદગુણો એમના સંભારે.<br>
લાખો લુંટાવો તોય પણ<br>
મૃત્યુ પામનાર પાછા ના ફરે.<br>
તુમ વિના સુના ઘર ને સુના આંગણ,<br>
સુના તુમ વિણ પરિવાર.<br>
આપના થકી જ થયું આમારામાં સંસ્કારોનું સિંચન,<br>
આપે ઘણા કષ્ટો અને બીમારીઓ સહન કરી.<br>
વિલીન થઈ ગયો દેહ માટીમાં,<br>
પણ તમારું નામ અમર થઈ ગયું અમારા જીવનમાં<br>
પરમાત્મા તમારા આત્મા ને<br>
ચિર શાંતિ આપે એજ પ્રાર્થના...

-: શોકાતુર :-

સસરા પક્ષ : **સ્વ. માતુશ્રી અ.સૌ. દીમુબાઈ તથા ગોરબાઈ લખમશી નાગડા** (નલિયા)<br>
પિયર પક્ષ : **સ્વ. માતુશ્રી લક્ષ્મીબાઈ ઉત્તમચંદ દામજી મોમાયા** (મોટી સિંધોડી)<br>
પતિ : **શા (નરશી) નરેન્દ્ર લખમશી ટોકરશી નાગડા પરિવાર** (નલીયા-ઘાટકોપર)<br>
પુત્ર-પુત્રવધુ : **અર્ચના કૃણાલ નરેન્દ્ર નાગડા**<br>
પુત્રી : **ધારિણી અભીશેષ મોરે**<br>
પૌત્ર : **સમક્ષ કૃણાલ નાગડા**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**અંક નં. 45/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com


**જ્ઞાતિ ગૌરવમાં યશકલગી**



**CA શ્રી કમલેશ શીવજી કુંવરજી વીકમશીએ આંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ (ઈન્ટરનેશનલ મોનીટરી ફંડ) વોશિંગ્ટન ડીસી.ની એક્સ્ટર્નલ ઓડીટ કમિટીના ચેરપર્સન તરીકે ૧-૧૧-૨૦૧૭થી પદગ્રહણ કરેલ છે.**

**પ્રકાશ સમીક્ષાના હાર્દિક અભિનંદન**

**તંત્રી સમીપે**



## આ ૧૧ ડિસેમ્બરના શેઠ શ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથિએ નવસંકલ્પ કરીએ....

છેલ્લા અનેક દાયકાઓથી જ્ઞાતિના મુંબઈ તેમજ દેશાવરોમાં યોજાતા વિવિધ સમારંભો, આયોજનોના પ્રારંભે શેઠ શ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવી - વંદન કરી તેમના મંગલ આશીર્વાદ મેળવવાની એક શુભ સંકેતમય પ્રણાલિકા જળવાતી આવી છે. પર્યુષણ પર્વના ક્ષમાપના મિલન પ્રસંગે આ હાર પહેરાવવાની ઉછામણીઓમાં ઊંચી બોલીઓ બોલવાની જાણે કે તીવ્ર રસાકસીભરી સ્પર્ધા થતી હોય છે અને અંતે વિજયી લહાવો લઈ ધન્યતા અનુભવતા જ્ઞાતિજનોના વિનમ્રતા-ઉત્સાહ-સંતોષનો ત્રિવેણી સંગમ આજે પણ સતત દૃષ્ટિગોચર થતો રહો છે.

છેલ્લી પાંચ છ પેઢીઓના આપણા વડવા-વડિલોએ અને આપણે પણ શેઠશ્રીને પ્રત્યક્ષ જોયા નથી તે છતાં આજે પણ બે સદીઓથી તેમનું પુણ્ય સ્મરણ આપણી જ્ઞાતિના અસ્તિત્વનો એક અભિન્ન ભાગ બની ગયું છે અને આપણા લાગણીતંત્રને પણ ઝંકૃત કરતું રહ્યું છે.

સત્તર વર્ષની ઉંમરે કચ્છથી મુંબઈ આવ્યા પછી શેઠશ્રીમાં સ્વયંભૂ ઉદ્‌ભવેલી જ્ઞાતિદાઝ ત્રીસેક વર્ષ લગી અવિરત અને અથકપણે સંવર્ધિત થતી ગઈ. તે રીતે જ્ઞાતિજનોમાં અતુટ બંધુત્વ, સાહસ, મહત્વાકાંક્ષા, સહાયવૃત્તિ તેમજ સાથ-સહકાર, સહિયારાપણાની ભાવનાના ઊંડા મૂળિયા પ્રસરાવી અઠાવન વર્ષની નાની ઉંમરે આ બહુમુખી પ્રતિભાએ પોતાની જીવનલીલા સંકેલી તે પહેલાં જ તે અદના, નાના-મોટા, સૌ જ્ઞાતિજનોનાં મન-મસ્તકમાં સ્વાભાવિકપણે શિખરસ્થાને બિરાજી ચૂકી હતી, જે ઉજ્જવળ-પ્રભાવી પ્રકાશ પુંજના તેજલિસોટા આપણે નતમસ્તકે અને ઉર્ધ્વમસ્તકે આજે પણ વારંવાર અનુભવી રહ્યા છીએ.

આજે અડધી સદીથી યે વિશેષ સમય દરમ્યાન જ્ઞાતિમાં ઉચ્ચ શિક્ષણની વિપુલતા અને આર્થિક સમૃદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધી પામતા આવ્યા છે તેના મુળમાં શેઠશ્રીએ પોતાની વીસ-બાવીસ વર્ષની ઉંમરે મુંબઈથી કચ્છ જતા વહાણોમાં અન્યો દ્વારા કચ્છના જ્ઞાતિ બાંધવોને મુંબઈ આવી જવા ભલામણ કરતા હતા અને તે રીતે મુંબઈ આવેલા જ્ઞાતિજનોનું પોતાના જ કુટંબીજન તરીકે પાલન પોષણ કરીને મુંબઈ અને દેશાવરોમાં સ્થાયી કરતા હતા, તે છે. આજે જ્ઞાતિ અગ્રણીઓમાં અને કર્મશીલોમાં પરસ્પર વિશ્વાસ ને સહિયારા સાથ સહકારથી વિશાળ જ્ઞાતિ હિતમાં કર્તૃત્વ નિભાવવાની ફરજ સમુળગી વિસરાઈ ગઈ છે.

જે રીતે શેઠશ્રીની છબીને હાર પહેરાવતી અને વંદન કરતી ક્ષણોમાં આપણે એમના માટે અવર્ણનીય અહોભાવ અને પુજ્યભાવની સાથે સાથે આપણી તુચ્છતાનો અહેસાસ-સ્વીકાર કરીએ છીએ તે મનોભાવનાનો વ્યાપ, તેમની ૧૭૫મી પુણ્યતિથિએ વધુને વધુ વિસ્તૃત કરીએ અને સાથે સાથે એમના જાજવલ્યમાન સંસ્કારિતા-વારસાને નવજીવન આપવા, આપણા પદ કે પદલાલસાને કોઈપણ પ્રકારે મહત્ત્વ ન આપતા જ્ઞાતિને સર્વોપરી ગણવા પ્રતિબદ્ધ બનીએ, એમને જ્ઞાતિ શિરોમણિ અને પ્રાતઃ સ્મરણીય વિભૂતિ તરીકે ઊંડા અંતરે પ્રજ્જવલિત દીપશીખાની સાક્ષીએ આદરાંજલિ આપીને.

-રા.

### વડીલ વંદના

બેસતા વરસની સુપ્રભાતે પુના સમાજના તેર જણા મળી પુનાવાસી ૭૫ અને એની ઉપરના વડીલોના ઘેર જઈ સાલ મુબારક કરી તથા તેમને ભેટ અર્પણ કરી ‘વડીલ વંદના’ના સોહામણા કાર્યક્રમનો આરંભ કરેલ, જેમાં કુલ અઢાર વડીલોનો સમાવેશ થયેલ. ન શબ્દમાં વર્ણવી શકાય, ન જેને ક્યાંય લખી શકાય, એવા અમોલા અસાધારણ અહેસાસની અનુભુતિ આ ટીમને થયેલ જ્યારે વડીલોના આશીર્વાદ સાથે તેમની લાગણીઓ વડીલ વર્ગે વ્યક્ત કરેલ. પ્રમુખ કિશોર રતાણી તથા ટીમના સાથ સહકારથી સતત ત્રણ વરસથી ખુશાલ મહેશ્વરીની સંકલ્પનાથી આ કાર્યક્રમનું સફળ આયોજન થાય છે. આવી ‘વડીલ વંદના’ને સો સો સલામ...

**– ખુશાલ મહેશ્વરી**


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


### કૌતુક ભરી વાત દાદીમાની !




સાત દાયકાઓ વહાવી ચૂકેલા, આધુનિક રોગોના પ્રતિકાર કરતા અને હાડકાંની ફરિયાદોને ઝીલતા દાદીમાં શ્રીમતી દેવકાંબેન કુંવરજી લોડાયા (કોઠારા) હાલે ઘાટકોપરની સગાં સંબંધીઓને મુંબઈમાં પણ મળવાની દોડાદોડ કરવાની ક્ષમતા સિમિત થઈ ગઈ ત્યારે પૌત્રી પ્રત્યેનું વ્હાલ ધીરે ધીરે સપાટીએ તરતો દેખાયો.

પુત્ર પુત્રવધુ સાથે વિશાળ ઘરમાં દિનચર્યા અને ધાર્મિક પ્રવૃત્તિઓમાંથી તત્પુરતી નિવૃત્તિ લઈ પરિણિત પૌત્રીને ઠેઠ કોચીન મળી આવ્યા. ભેઠ બાંધી દૂર પરદેશ દૂબઈમાં નોકરી કરતા પૌત્ર-પૌત્ર વધુની લાગણીને માન્ય રાખી દૂબઈ જઈ લાંબું વેકેશન ગાળવાની મનોમન ગાંઠ બાંધી. દૂબઈમાં દિવસભરની એકલતા, સગાસંબંધીઓની અનુપસ્થિતિ કે ભાષાની અડચણ ને અવગણી વિમાન માર્ગે પ્રયાણ કર્યું.

સહુ સગાવહાલાં, હિતચિંતકો અચરમાં ડૂબ્યા. માનસિક મનોબળ સામે સહુને ઝુકવું પડ્યું. મક્કમ મનોબળની સરાહનામાં ઝુકી તો જવાય ને !

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

### મોટી સિંધોડી સ્નેહમિલન ૨૦૧૮

આગામી **સ્નેહમિલન તા. ૧૪-૦૧-૨૦૧૮ રવિવારના આયરીસ બેંક્વેટ એ.સી. હૉલ, પુરૂષોત્તમ ખેરાજ એસ્ટટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરિતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ)** મધ્યે આયોજીત કરેલ છે.

સંપૂર્ણ સ્નેહમિલનનો નકરો રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ),
બપોરનું જમણ રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ),
બપોરની ચા-પાણી રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર) તથા
સાંજના જમણના રૂા. ૪૦,૦૦૦/- (ચાલીસ હજાર),
સંગીત પાર્ટીના રૂા. ૨૫,૦૦૦/- (પચીસ હજાર),
તપસ્વી બહુમાન રૂા. ૧૧,૦૦૦/- (અગિયાર હજાર),
શૈક્ષણિક બહુમાન રૂા. ૧૧,૦૦૦/- (અગિયાર હજાર),
સાંસ્કૃતિક કાર્યક્રમ રૂા. ૧૧,૦૦૦/- (અગિયાર હજાર) નક્કી કરેલ છે.

સર્વ સાધારણના રૂા. ૫૫૫૫/-ના નકરા માટે ઉદાર હાથે નામો નોંધાવશો. તા. ૧-૧૨-૨૦૧૭ સુધી રૂા. ૫૦૦૦/- (પાંચ હજાર) થી વધુ રકમના ભાગ્યશાળી પરિવારોના નામ આમંત્રણ પત્રિકા સાથે પ્રગટ કરવામાં આવશે.

સંપર્ક માનદ્‌મંત્રીઓ : **હેમાંગ લાલજી શાહ - 09920646846**
**જ્યોત્સનાબેન મૈશેરી - 09820529555**

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ - મોટી સિંધોડી**

## પગદંડ પંઢરપુરમાં - પ્રવીણ લોડાયા, વડોદરા

મહારાષ્ટ્રમાં આળંદીથી પંઢરપુર પદયાત્રા કરી વિઠોબાના દર્શન કરવાની પરંપરા ૮૦૦ વર્ષ જૂની છે. દર વર્ષે દર્શન કરનારાઓની સંખ્યામાં વધારો થાય છે. ગયા વર્ષે આ આંકડો આઠ લાખ સુધી પહોંચી ગયો હતો.

અષાઢી એકાદશીના દિવસે પૂરી થનારી ૨૧ દિવસની આ યાત્રામાં જ્ઞાનેશ્વર અને તુકારામ સહિત ઘણા સંતોની પાદુકાઓ લઈ જનારી પાલખીઓએ નિકળે છે. આ વર્ષે પવિત્ર તુલસી માલા પહેરનાર પદયાત્રી વિઠોબા મહિમા ગાનની સાથે-સાથે 'સીડ-બોલ્સ' ૨૪૮ કિલોમીટરના રસ્તામાં પાથર્યા.

આ યાત્રા દરમિયાન લોકોને પગદંડ કાર્યકર્તાઓના માધ્યમથી બીજ નિઃશુલ્ક આપવામાં આવ્યા. આ નવી રીતનો હેતુ પ્રકૃતિની ચાદર પાથરવી અને પુણેથી પસાર થતા પદયાત્રીઓ દ્વારા દેશી છોડનો ફેલાવો કરવો છે.

બોલ બનાવવામાં માટી, ગાયનું છાણ અને ગૌમુત્રનો ઉપયોગ થયો. બોલ વારી યાત્રામાં આ વર્ષે પદયાત્રીઓને કહેવામાં આવ્યું કે આળંદીથી પંઢરપુર સુધીની પરંપરાગત યાત્રા માર્ગમાં આ ફેલાવતા જાઓ. આ ક્ષેત્ર અત્યારે ઘણી સમસ્યામાંથી પસાર થઈ રહ્યું છે.

મોનસૂન દરમિયાન સીડ બોલ્સને પર્યાપ્ત પાણી મળી જતાં તેની અંદરના બીજ મોટા થવા લાગશે. માટી અને ગાયના છાણમાં દબાયેલા બીજ પક્ષી અને કીટ-પતંગોનું ભોજન બનવાથી બચશે.

આ બોલ્સ ટ્રેકિંગ કરનાર અને પ્રકૃતિ-પ્રેમિઓને પણ આપવામાં આવ્યા, જેથી તેઓ હાઈવે કિનારે, બેકાર પડી રહેલી જમીન સુધી પહોંચાડી શકે.

લીમડો, પીપળો, ગુલમહોર, જાંબુ જેવા વૃક્ષ એ પ્રજાતિઓ છે જે આ પ્રકારના ક્ષેત્રમાં હાઈવે કિનારે સરળતાથી મોટા થઈ શકે છે. પદયાત્રીઓને બીજ આપવાનું એક કારણ એ પણ છે કે લોકો દર વર્ષે યાત્રા પર જાય છે અને તેઓને રસ્તામાં છાંયડાની સમસ્યા જોવા મળે છે. તેઓ ગ્રીનરીની ચાદરને લઈને સંવદેનશીલ છે.

આવીજ રીતે ડેવલપર, ડિઝાઈનર અને બિલ્ડરોમાં પણ પર્યાવરણ પ્રત્યે અવેરનેસ આવી રહી છે. મહારાષ્ટ્રના જ અમરાવતીમાં લો એનર્જી બિલ્ડીંગની સાથે ઓછી ઊંચાઈવાળી બિલ્ડીંગ બની રહી છે. એ બિલ્ડીંગને 'લો એનર્જી બિલ્ડીંગ' જ કહેવામાં આવે છે. એની ડિઝાઇન એવી હોય છે કે સોલર પેનલના ફાયદા તમામ રીતે ઉઠાવી શકાય.

સિંગાપુરની નેશનલ ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીના બિલ્ડીંગ એન્ડ કન્સ્ટ્રક્શન ઓથોરિટી (બીસીએ)ના માર્ગદર્શન હેઠળ અને સાથે મળીને પર્યાવરણ અનુકૂલ બિલ્ડીંગ બનાવવામાં આવી રહી છે.

બીસીએ દેશના ચાર શહેરોમાં તિરુવનંતપુરમ, બેંગલુરુ, કોલકતા ઉપરાંત મહારાષ્ટ્રનું અમરાવતી એકમાત્ર એવું શહેર છે જ્યાં પર્યાવરણ અનુકૂલ બિલ્ડીંગ બનાવવામાં આવી રહ્યા છે. દેશના આ ચારે શહેરોમાં ડેવલપર્સની સાથે મળીને કોંક્રીટ અને પ્રાકૃતિક જંગલોમાં જ સાચું સંતુલન સ્થાપિત કરવા કામ થઈ રહ્યું છે. લો એનર્જી બિલ્ડીંગ અને જીરો એનર્જી બિલ્ડીંગમાં એરકંડીશનીંગથી લઈને તમામ સિસ્ટમની ઉર્જા જરૂરત કરતાં ઓછી કેવી રીતે વપરાય તેની રીત શોધવાના સતત પ્રયાસ ચાલુ છે.

શરૂઆતમાં પૈસા વધારે લાગશે. પણ તેની પૂર્તિ ફક્ત સાત વર્ષોમાં થઈ જશે. બીસીએ એ સિંગાપુરના સિટી હોલની જૂની બિલ્ડીંગમાં હવાનું વિતરણ સુધારીને ઉર્જાનો વપરાશ ઘટાડ્યો છે.

આપણા ઉષ્ણ કીટબંધીય વાતાવરણમાં આપણી સામે હરિયાલી વધારવા અને ઉર્જાનો ઉપયોગ ઘટાડવા સિવાય અન્ય કોઇ ઉપાય નથી.

જૈન ધર્મમાં વિવિધ વ્રતો બતાવવામાં આવ્યા છે. જો તેનું સારી રીતે પાલન કરવામાં આવ્યું હોત તો સમગ્ર વિશ્વમાં ક્યારેય પર્યાવરણની સમતુલા ખોરવાત જ નહીં.

આપણા ધર્મમાં શ્રાવકને પંદર પ્રકારના હિંસક ધંધા કરવાનો સ્પષ્ટ નિષેધ ફરમાવવામાં આવેલ છે. તેમાં ઇંગાલકર્મ એટલે કે લાકડા બાળીને કોલસા કરવાનો ધંધો. આના દ્વારા હજારોની સંખ્યામાં વૃક્ષોનો નાશ થાય છે અને તેથી પર્યાવરણને ભયંકર નુકસાન થાય છે.

તેવી જ રીતે બીજા વનકર્મ અર્થાત જંગલનાં વૃક્ષો કાપવાનો પણ જૈન શ્રાવકને માટે નિષેધ છે, જેના દ્વારા જંગલમાં રહેલ લાખો વૃક્ષોનું છેદન અટકી જાય છે, જેથી આ વૃક્ષો વરસાદને ખેંચી લાવવામાં મદદ કરે છે.

ત્રીજા શાટિકકર્મમાં ગાડા વગેરે બનાવીને વેચાવનો નિષેધ કર્યો છે, તે દ્વારા લાકડાના ઉપયોગને મર્યાદિત કર્યો છે. ચોથા ભાડીકર્મમાં કોઈપણ વસ્તુ ભાડે આપવાનો નિષેધ છે, જો એ રીતે વિવિધ પ્રકારની ચીજો ભાડે આપે તો તે ચીજો બિનજરૂરી પ્રમાણમાં બનાવવી પડે તે દ્વારા પણ પર્યાવરણને નુકસાન થાય છે. પાંચમાં ફોડીકર્મમાં ખાણ વગેરે ખોદવા અને તે માટે વિસ્ફોટકોનો ઉપયોગ કરવાની ના કરી છે. તેનાથી અવાજનું પ્રદુષણ ઉત્પન્ન થાય છે. છઠ્ઠા દંત વાણિજ્યમાં હાથી, વાઘ-સિંહ વગેરે પ્રાણીઓના દાંત, હાડકાં અને ચામડું વગેરેનો વેપાર કરવાની ના કહી છે, જેનાથી જંગલમાં વસતાં પશુઓનો બચાવ થાય છે. આજે સિંહ, વાઘ, હરણ, ગધેડા, નીલ ગાય

વગેરે માટે સરકારને જે અભયારણ્ય બનાવવા પડે છે. તેની જરૂર રહે નહિ.

સાતમાં લક્ષવાણિજ્યમાં લાખ, ગુંદર વગેરેનો, આઠમાં રસવાણિજ્યમાં ઘી, તેલ વગેરેનો, નવમાં કેશવાણિજ્યમાં ઘોડા, ચમરી, ગાય, મોરના પીછાં વગેરેનો, દશમાં વિષ વાણિજ્યમાં સર્પ વગેરેના ઝેરનો, અગિયારમાં યંત્ર પીલાણકર્મમાં મોટા મોટા કારખાના કરવાનો, બારમા નિર્લાંછણકર્મમાં બળદ વગેરે પ્રાણીઓની ખસી કરાવવાનો.

તેરમાં દવગ્ગિદાવણિયામાં જંગલોમાં આગ લગાડીને વિપુલ પ્રમાણમાં કોલસા મેળવવાનો, ચૌદમા સરદહતલાયસોસણિયામાં સરોવર વગેરે સૂકવવાનો અને છેલ્લે અસઈપોસણિયામાં સ્ત્રીઓ દ્વારા વેશ્યાગીરી કરાવવાનો નિષેધ કરેલ છે. આ રીતે પંદર પ્રકારના પાપમય વ્યાપારના નિષેધમાં પર્યાવરણનું યોગ્ય રીતે જતન કરવાની વાત રહેલી છે. આ રીતે જૈન ધર્મ સંપૂર્ણપણે અહિંસક હોવાથી પર્યાવરણને કોઈપણ પ્રકારના નુકસાનને મંજૂર કરતું નથી.


પ્રકાશ સમીક્ષા માટે ઇ-મેલ દ્વારા જાહેરાત મોકલનારે જાહેરાતની મેટર **kdoprakash@gmail.com** ઉપર મોકલવા વિનમ્ર વિનંતી.


## શૂન્યથી આજ સુધી

શૂન્ય બધુંયે હતું પ્રથમ તો –
પછી ગણતરી થઈ એકથી... અને એકથી બહુ થવાનું.
એણે ઇચ્છયું અને આ થયુંઃ વિશ્વ રૂપાળું, બ્રહ્મ નિરાળું,
સુંદર સૃષ્ટિ, વૃષ્ટિ સુંદર, પાણી પાણી પાણી પાણી
પાણીમાંથી પછી પ્રગટતાં જીવ-જંતુના જીવન સુંદર
જળમાં સ્થળને સ્થળમાં જીવન, જળમાં જીવન-સ્થળમાં જીવન
માટીના કણકણમાં જીવન, અંકુર અંકુર જીવન જીવન
પર્ણપર્ણમાં જીવન જીવન, ક્ષણક્ષણમાં પણ જીવન જીવન...
દિવસો કે વર્ષોનું જીવન યુગ-યુગાંતરો જીવન જીવન
જન્મ : જીવનનો ઉત્સવ પાવન, મૃત્યુ : અંતિમ ઉત્સવ પાવન.
મૃત્યુ અંત નહીં જીવનનો, નવા જીવનનું દિવ્ય બારણું...
આવા દિવ્ય જીવનના યાત્રી, 'આજ' સુધી પહોંચ્યા છે આજે
ગયો સમય પાછો ક્યાં આવે– જુઓ 'આજ' આવે છે સામે!
જુઓ આજ સામે આવે છે– સૌંદર્યોના દિવ્ય ખજાના
ભરી ક્ષણેક્ષણમાં, લાવે છે! ગયું-જવાનું હતું જે – ગયું રહ્યું ગણો છો, એય ક્યાં સુધી ? કેવળ રહેશે 'આજ',
પછી તો ફરી શૂન્યમાં ભળી જવાનું...
ફરી શૂન્યમાં ભળી જવાનું... ફરી શૂન્યમાં ભળી જવાનું...

– **માધવ રામાનુજ**, 'નવનીત સમર્પણ'માંથી સાભાર


|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર || || જય જયશ્રી અનંતનાથ ||

# શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫. ફોન : 09969184377

## શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર ખાતે અચલગચ્છના દેવી મહાકાલી મા ના ભક્તિ ઉત્સવે આમંત્રણ

જ્યોતિર્ધામ મંદિર ભુજપુરના ઉપક્રમે મુંબઈ મુલુંડ કાલીદાસ સ્થાને અચલગચ્છના**શ્રી મહાકાલી દેવીનું મહાપૂજન ભક્તિ ઉત્સવ** ૨૨મું વરસે સહયોગી દાતા પરિવારો થી ૨૪-૯-૨૦૧૭ના ઉજવાયેલ. **શ્રી મણીકાન્ત ધુલ્લા શ્રી મુકેશ મૈશેરી, શ્રી હંસકુમાર ખોના, શ્રી મેઘકુમાર ખોના, શ્રી મુલુંડ સર્વોદય મંડળ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ, વિવિધ મહાજનો, સંઘો, મંડળો, બહારગામથી ખાસ પધારતા ભાવિકો, પ.પૂ. આચાર્ય ભગવંત, દેવ-દેવી ઉપાસકો, કલાકારો, ફોટોગ્રાફર સહિત નામી અનામી આપ થકી પ્રસંગ દીપે છે. આભાર**

**ધનરાજ કેટરર્સ સૌના સહકાર માના ભક્તિ ઉત્સવ માટે શુભેચ્છા.**

આગામી **૨૩મું વરસ આસો સુદ ૬ રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૮**ના ઘાટકોપર સ્થાને ઉજવાશે જેનો લાભ એકજ માનાભાવિક પરિવારે લીધેલ છે. ખૂબ ખૂબ અનુમોદના. નામ પૂછી અપાશે.


કાલીદાસ સ્થાને આગામી ઉત્સવમાં સહયોગી થવા જે ભાવિકોએ ભાવના બતાવેલ તેઓને **૨૪મું વરસ, ૨૦૭૫ આસો સુદ ૧ રવિવાર, તા. ૨૯-૯-૨૦૧૯**ના લાભ મળી શકશે. અન્ય ભાવિકો પણ સહભાગી થઈ શકશે. ફેરફાર માટે ક્ષમાપના. આપ બધા ભાવિકોમાં પ્રત્યે શ્રધ્ધા ભાવથી દર્શન, વંદન, પ્રસાદ, ભક્તિ ઉત્સવમાં શિસ્તબધ્ધ રીતે સહભાગી થઈ પ્રસંગની આન-બાન-શાન જાળવી તે માટે માનવંદના. અગવડ માટે મિચ્છામિ દુક્કડમ. માની કૃપા સૌ પર રહો એજ મંગલ કામના.

**યતિ શ્રી મોતીસાગરશ્રીજી મહારાજ - મંદિર - ટ્રસ્ટ તરફથી ક્ષમાપના. અનુમોદના - આભાર**

**જય જય શ્રી અનંતનાથ જય શ્રી મહાકાલી માતા જય ગુરૂદેવ**

## કચ્છી કસબ - ૧૧૦

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



ઊભી ચાવીઓ -

૧) વાતાવરણમાં કોઇ પદાર્થના અણુઓ (Atmosphere of polution) (૨)
૨) આપજો (give) (૨)
૪) અડીને (close by) (૩)
૫) મેંદો (maize powder) (૪)
૬) ખટમલ (bug) (૩)
૮) ફરિયાદ (complaint) (૨)
૯) ઘણાબધા (too many) (૨)
૧૧) અખરોટ (wallnut) (૩)
૧૨) ઘસવું (to rub) (૨)
૧૩) રખડી પડયો (become helpless) (૩)
૧૫) શાંત (calm) (૨)
૧૭) હોઠ (lip) (૨)
૧૯) ખંડેર (ruins) (૩)
૨૦) કૂવો (well) (૨)
૨૧) આપેછે (giving) (૨)
૨૩) સડસડાટ (directly) (૩)
૨૪)એક કઠોળ () (૨)

[redacted]

આડી ચાવીઓ -

૧) નડાંપો (the entrance) (૪)
૩) સ્ત્રી નું રીસાવું () (૫)
૭) એમ (ok) (૧)
૯) ઘણીબધી (too many) (૨)
૧૦) શાંકે (mourning) (૨)
૧૧) આવનજાવન (coming & going) (૬)
૧૪) રહેશે (to stay) (૨)
૧૬) સરકણું (smooth) (૨)
૧૭) બટકું (bite) (૨)
૧૮) ગુસ્સો થયો (become angry) (૨)
૧૯) આવશ્યક્તા નથી (not required) (૨)
૨૦) રાખ (ash) (૨)
૨૧) આપ્યું () (૨)
૨૨) બે (two) (૧)
૨૩) કોઇ કામ માટે તૈયાર કરવું (making somebody ready for some work) (૩)
૨૪) જનાવર (animal) (૨)
૨૬) મીજાજ (mood) (૨)
૨૭) સાધુ-સાધ્વીઓ ને જમવાનું પીરસવું (to serve food to jain ) (૩)
૨૮) નાકના ગુંગા (nosal dirt) (૨)
૩૦) ફક્ત (only) (૨)
૩૩) ભેંસ (buffalo) (૧)
૩૪) સાફ કરવું (to clean) (૨)
૩૫) ગંદકી (dirt) (૩)
૩૬) વાસવાળી પાદ(passing of gas with bad odour) (૨)

ઊભી ચાવીઓ -

૨૫) પછી (after wards) (૨)
૨૭) પાણીનું ગાડુ (bullock car of water) (૨)
૨૯) તક (chance) (૩)
૩૧) ટીંડલી (one kind of vegetable) (૨)
૩૨) શા માટે (why) (૨)




આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી




**સલીમ ભાઈ ઢોલી**
મો.: 093247 96076
093211 31232



**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઓર્ડર
સોમવાર બંધ

શુભ || અનંત ચૌવિશી જીન નમો || લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
**સંચાલક :** હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, **પ્રચાર સંયોજક :** રિદ્ધિશ રમેશ જાગીરદાર

## મહામંગલકારી નવકાર મહામંત્ર જાપ હરીફાઈ

સહર્ષ જણાવવાનું કે શ્રી કુલપાક તીર્થ યાત્રી સંઘના તત્વાવધાનમાં સમસ્ત જૈનો માટે મહા મંગલકારી નવકાર મહામંત્ર જાપ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે.

આ હરીફાઈમાં ભાગ લેનારને પેપરના એકબાજુ સુંદર હસ્તાક્ષરમાં શુદ્ધ લેખન યુક્ત શ્રી નવકાર મહામંત્ર ૧૦૮ વાર લખી મોકલવાનું રહેશે.

નવકાર મંત્રનું જાપ લખતા લખતા તમારા મનમાં શ્રી કુલપાક તીર્થ યાત્રી સંઘ પ્રત્યે જે પ્રતિભાવ ઉત્પન્ન થાય તે લખીને સાથે મોકલવાનું છે. આ લેખન માટે અક્ષર મર્યાદા નથી. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષામાં લખી શકો છો. પ્રવેશ ફી રૂપે રૂા. ૧૦૦૦/- નું "Shri Kulpakji Teerth Yatri Sangh" ના નામનું ડ્રાફ્ટ બનાવી મોકલવાનું રહેશે.

તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૭ સુધી શ્રી સંઘના ઉપરોક્ત સરનામે પહોંચે એવી રીતે મોકલવાનું રહેશે. ૧ માર્ચ ૨૦૧૮ સુધી આ હરીફાઈનું નિર્ણય બધાર પાડવામાં આવશે તથા સ્પર્ધકોને જણાવવામાં આવશે.

**પ્રથમ પારીતોષિક – રૂા. ૨૧૦૦૦/- નગદ**
**દ્વીતીય પારીતોષિક – રૂા. ૧૧૦૦૦/- નગદ**
**તૃતીય પારીતોષિક – રૂા. ૫૦૦૦/- નગદ**
**પાંચ પ્રોત્સાહનના... પારીતોષિક રૂા. ૨૦૦૦/- (નગદ) પ્રત્યેક**

વિજેતાઓને રવિવાર, તા. ૮ એપ્રીલ ૨૦૧૮ના આયોજીત શ્રી કુલપાકજી તીર્થ યાત્રામાં હૈદરાબાદથી લઈ જવામાં આવશે તથા તીર્થ ક્ષેત્રે આયોજીત વિશેષ સમારંભમાં પારીતોષિકથી નવાજવામાં આવશે. પોતાના ગામથી હૈદરાબાદ સુધીની રેલ્વેની આવવા-જવાની સ્લીપર ક્લાસની ટીકીટ ના પૈસા આપવામાં આવશે.

**વિશેષ નોંધ : સમારંભમાં ઉપસ્થિત વિજેતાઓને જ પારીતોષિક આપવામાં આવશે. પારીતોષિક પાછળથી મોકલવામાં નહી આવે.**

**પારીતોષિક આપવાનું લાભ લેવા ઈચ્છનારે**
**સંચાલક શ્રી હંસકુમાર સાયલાનો મો. ૯૨૪૬૫૩ ૨૫૪૫**
**ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૦૪૦-૨૭૫૬ ૨૫૪૫ ઉપર સંપર્ક કરવો.**

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ
**માતુશ્રી દેવચાનીબેન કલ્યાણજી રામજી રવજી**
**સોજપાલ ગાલા પરિવાર,**
ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ
હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જય જિનેન્દ્ર

## સુખ, સ્વાસ્થ્ય અને સંબંધ ભાગ – ૨ : સ્વાસ્થ્ય

**પ્રવિણચંદ્ર શામજી શાહ (ધરમશી)**

સુખ, સ્વાસ્થ્ય અને સંબંધ આ શીર્ષક હેઠળના મારા આ થોડા ફિલોસોફી જેવા લેખના બીજા ભાગમાં સ્વાસ્થ્યને કેન્દ્ર સ્થાને રાખીને મારી સમજ પ્રમાણે રજુઆત કરેલ છે. સ્વાસ્થ્ય કે આરોગ્યને જ્ઞાનીજનોએ સૌથી ઉત્તમ અને પ્રથમ સુખ માનેલ છે. જે તેમના વર્ષોના અનુભવોનો નિચોડ છે અને આ વર્ગીકરણ કે અગ્રીમતા કોઈ પણ કાળ, સમય કે સભ્યતામાં માન્ય છે. આપણી આજુબાજુ કે આપણી રોજબરોજની જિંદગીમાં એવા અનેક ઉદાહરણો આપણને જોવા મળે છે જે કદાચ આ સનાતન સત્યને પુરવાર કરે છે. મેં આ લેખના પહેલા ભાગમાં જણાવેલ છે કે એક સામાન્ય મનુષ્ય માટે સુખ ના કેટલાક પ્રકારો જે બહુ જ પ્રચલિત છે તે છે સંપત્તિ સુખ, લગ્નસુખ, સંતાન સુખ, પરિવાર સુખ. હવે થોડા વિસ્તાર સાથે પણ ટૂંકમાં એ જણાવવાનો પ્રયત્ન કરીશ કે આરોગ્ય કે સ્વાસ્થ્ય કઈ રીતે બધા અન્ય સુખોને પ્રાપ્ત કરવામાં મદદગાર કે સહાયક બને છે. અંગ્રેજીમાં એક કહેવત છે ''There is a sound mind in a sound body.'' એટલે કે માનસિક સ્વાસ્થ્ય માટે પણ શારીરિક સ્વાસ્થ્ય જરૂરી છે.

વર્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશનના એક અહેવાલમાં મેં ક્યાંક વાંચેલ છે કે હાલના સમયમાં અંદાજે લગભગ ૧૪% લોકો ડાયાબિટીસ, ૧૬% લોકો તણાવ (hyper tension), ૧૫% લોકો અનિદ્રા (અમેરિકામાં આ આંકડો ૩૦–૩૫% નો છે), ૧૦% લોકો કુપોષણના શિકાર છે. આ પરિસ્થિતિમાં લોકો કઈ રીતે સુખી રહી શકે? તેથી જ આપણા પૂર્વજોએ આરોગ્યને પ્રથમ સુખ માનેલ છે. બદલાતી જતી જીવન શૈલી, પ્રદુષણ, આહારનો બદલાવ અને વીજાણુ યંત્રોનો અત્યંત વધારે વપરાશ, એ વ્યાપક પ્રમાણમાં ફેલાતી બીમારીઓના મુખ્ય કારણો છે. તેથી આજના સમયમાં સ્વસ્થ્ય મનુષ્ય પણ સુખી મનુષ્યની જેમ દુર્લભ થઈ ગયા છે તેથી વર્તમાન સમયમાં સ્વસ્થ મનુષ્યને જ સુખી માનવું એ કાલ્પનિક નહીં પણ વહેવારીક અને વાસ્તવિક છે.


આજના માહિતી અને ટેક્નોલોજીના જમાનામાં કદાચ સૌથી વધારે અગત્યનું છે શિક્ષણ. પણ મેં એવા કેટલાક કિસ્સાઓ જોયા છે જેમાં બાળકની માનસિક અને શારીરિક જન્મજાત ખામી કે ખોડના કારણે બાળકો સ્કૂલ જ નહીં જઈ શક્યા. આ સત્ય ઘટના છે જેમાં મારા ભરૂચમાં રહેતા એક પરિચિત મિત્રને ત્યાં લગભગ ૨૦ વર્ષ પહેલાં જોડિયા બાળકો (પુત્રો) જન્મ્યા, પણ જન્મ પછી કોઈ ગડબડ ઉભી થતાં ઓક્સિજનની જરૂર પડી પણ સમયસર ઓક્સિજન મળતાં બને બાળકો માનસિક અને શારીરિક અપંગ થઈ ગયા. આ કેસમાં માત્ર બાળકો નહીં પણ તેમના મા–બાપનું જીવનપણ દુ:ખી થઈ ગયું. એટલે આ બાળકો કાયમ જ મોથાજ (લાચાર) થઈ ગયા. અમારા રહેઠાણની નજદીક એક જૈન સંઘ છે જેના અમે સભ્યો છીએ તેમાં એક શ્રાવકની જુવાન દીકરી માનસિક રીતે વિકસિત નથી તેથી તે સ્કૂલ ગઈ જ નથી. આવા કિસ્સાઓ માત્ર ઉદાહરણ રૂપે છે. ભારતીય સમાજમાં આજે પણ કુટુંબ વ્યવસ્થા અન્ય દેશોની સરખામણીમાં વધારે સારી અને સલામત છે તેથી જ્યારે પરિવારનો કોઈ પણ સદસ્ય વિકલાંગ હોય ત્યારે સમસ્ત પરિવાર દુ:ખી થઈ જાય છે. એક જૈન સોશ્યિલ ગ્રુપમાં એક ખૂબ જ સજ્જન શ્રાવકને ત્યાં જન્મજાત વિકલાંગ બાળકનો જન્મ થયો. વિધિની વિચિત્રતા એ જોવા મળી કે આ બાળકના જન્મ પછી એમને ત્યાં ખૂબ જ લક્ષ્મી એટલે કે સમૃદ્ધિ આવી પણ જ્યારે પણ તે પરિવાર કાર્યક્રમમાં આવે ત્યારે સૌને તે બાળકની અને તે પરિવારની દયા આવે.

સ્વાસ્થ્ય શબ્દનો આ લેખમાં મેં જરા વ્યાપક પ્રમાણમાં વપરાશ કરેલ છે જેમાં મારા મત પ્રમાણે નિરોગી શરીર અને સ્વસ્થ મન. ખોડ ખાંપણ રહીત શરીર તથા ચુસ્તી અને સ્ફૂર્તિ થી ભરપૂર વ્યક્તિનો જ સમાવેશ કરેલ છે. સામાન્ય રીતે આપણે નિરોગી વ્યક્તિને સુખી માનીએ છીએ પણ તે આંશિક રૂપે સત્ય છે. કેટલાક ઉદાહરણ સાથે મારા આ મંતવ્યને સમજાવવાનો પ્રયાસ કરીશ.

મારી સૌથી પહેલી વ્યવસ્થિત નોકરી તે વખતના હિન્દુસ્તાન સ્ટીલ્સ લિમિટેડ અને હાલના સ્ટીલ ઓથોટીરી


**કન્યા જોઈએ છે :** છત્તીસગઢ રાજ્ય સ્થિત, ૧૯૮૧ બોર્ન, B.Com, 5'4", પોતાનું વ્યવસાય (અનાજ બ્રોકર) ધરાવતા કુંવારા યુવક માટે સારા ઘરની **સુશીલ, સંસ્કારી, કામકાજમાં હોંશિયાર કન્યા**ના વડિલો ફોટા + કુંડલી સાથે સમ્પર્ક સાધે.
મો.: **096699 89300 / 0771-2528529**



રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


ઓફ ઈન્ડિયા લિમિટેડ (સેઈલ)માં હતી જેની ઉમેદવારની પસંદગીની તબક્કાવાર પ્રક્રિયામાં પહેલાં પરીક્ષા (written test), ઈન્ટરવ્યૂ અને ગ્રુપ ડિસ્કસન તથા આખરી તબક્કામાં ખૂબ જ સખત મેડિકલ એક્ઝામીનેશન અને તપાસ. આ બધામાં જે પાસ થાય તેને જ નોકરીનો ઓર્ડર મળે. આ પ્રક્રિયાના બધા તબક્કા બહુજ ઓછા યુવાનો પાસ કરે તેથી આવી નવરત્ન કંપનીમાં નોકરી મેળવવી તે એક સિદ્ધિ ગણાતી તેમાં પણ મેડિકલ ટેસ્ટ્સ માં શરીરનો બાંધો (ઉંચાઈ, વજન, ચશ્માંના નંબર, કલર બ્લાઈંડનેસ) રક્ત, પેશાબ ની પેથોલોજીકેલ તપાસ, ફેફસાંની એક્સરે દ્વારા તપાસ અને સામર્થ્ય (સ્ટેમિના) તથા સહનશક્તિ (endurance)ની તપાસ પણ થાય અને ઘણા યુવાનો આ બધી તપાસમાં નિષ્ફળ પણ જાય, કારણ કે સ્ટીલ પ્લાન્ટ, સિમેન્ટ પ્લાન્ટ, રાસાયણિક કારખાનાઓમાં સખત શારીરિક અને માનસિક તાણની નીચે કામ કરવું પડે છે અને તે પણ દિવસ રાત જેમાં નાઈટ ડ્યૂટી પણ હોય અને નવાઈની વાત એ છે કે આવા પ્રકારની નોકરી જ મનુષ્યની બીમારીનું કારણ બને છે. તે ઉપરાંત સમયે સમયે મેડિકલ ચેકઅપ તો ખરા જ. અને તેથી જ આવી કંપનીઓ મેડિકલ સુવિધા કે એલાઉન્સ આપે છે. તેમજ પોતાના કામગારો અને મૅનેજરોનો વીમો પણ લે છે. પણ આવી નવરત્ન કંપનીમાં દાખલ થવાની ટિકિટ મેળવવા માટે સ્વાસ્થ્ય સૌથી અગત્યનું પરિબળ છે. લશ્કર અને પોલીસ જેવી નોકરીમાં તો શારીરિક બાંધાનું બહુ જ મહત્વ હોય છે, મેં ક્યાંક વાંચેલ છે કે રાષ્ટ્રપતિ કે પ્રધાનમંત્રીના અંગરક્ષકની પસંદગીમાં છ ફિટ ઊંચાઈ એ મુખ્ય જરૂરિયાત છે! અને કદાચ ઉચ્ચ કક્ષાની નોકરીમાં અને એન્જીનીઅરીંગ જ એવી લાઈન છે જેમાં શારીરિક ક્ષમતાનું અત્યંત મહત્વ છે.

કેટલીક વાર નિરોગી (જેને કોઈ રોગ ના હોય) પણ શારીરિક ખોડ ખાંપણ જેમ કે ઊંચાઈ ઓછી હોય, ચામડીનો રંગ અત્યંત શ્યામ હોય, ચશ્માંના નંબર વધારે હોય, અકસ્માત કે પોલીઓના કારણે હાથ કે પગમાં દેખીતી ખામી હોય, માથા પર ટાલ હોય, શરીર અત્યંત મેદસ્વી હોય, બોલવામાં તોતલાય તેવી વ્યક્તિઓને પણ જીવનમાં સુખનો અભાવ જણાય છે. તો કેટલીક વાર રોગી પણ શારીરિક ખોડ ખાંપણ વગરની વ્યક્તિ દવા, વ્યાયામ અને આહાર નિયંત્રણ દ્વારા પ્રમાણમાં સુખી જીવન જીવે છે. કહેવાય છે કે અમિતાભ બચ્ચન થેલેસેમીયાની તથા અનિદ્રાની બીમારીથી પીડાય છે પણ દવા, વ્યાયામ અને આહાર નિયંત્રણ દ્વારા પ્રમાણમાં સુખી જીવન જીવે છે. પ્રખ્યાત ક્રિકેટર યુવરાજસિંગ કે અભિનેત્રી મનીષા કોઈરાલા કેન્સર જેવી ઘાતક બીમારીનો સામનો કરીને પણ પ્રમાણમાં સુખી જીવન જીવે છે. મારા પરિચિત કેટલાક લોકો મધુપ્રમેહના કારણે નિયમિત દવાઓ લઈને પ્રમાણમાં સુખી (નિરોગી નહીં) જીવન વિતાવે છે. કેટલાક રોગ, શારીરિક પરિબળો (attributes) કે ખામીઓ આનુવંશિક હોય છે અને તે સંતાન ને પણ લાગુ થઈ શકે છે. આવા કેટલાક રોગોમાં કેન્સર, મધુપ્રમેહ, ક્ષય, રક્તને લગતી બીમારીઓ મુખ્ય છે અને આવી ગંભીર ખામીઓ (genetic defects or disorders) માત્ર પરિવાર નહીં પણ વંશને તકલીફ આપે છે. ચાણક્યએ કહેલ છે કે આવી ખામી ધરાવતી વ્યક્તિએ બને તો લગ્ન ના કરવા, અને કરે તો વંશ આગળ નહીં વધારવો. આવા અનેક કિસ્સાઓ આપણી આજુબાજુ જોવા મળે છે. કેટલાક શારીરિક પરિબળો કે ખામીઓ જે સંતાનોમાં પણ આવી શકે છે, તેમાં નબળી દ્રષ્ટિ, બહેરાશ, ત્વચાનો રંગ, ટાલ, ઊંચાઈ, મેદસ્વી શરીર, વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. આ કોઈ રોગ નથી પણ એક શારીરિક સ્થિતિ છે જે વંશપરંપારીક હોઈ શકે છે. આમ શારીરિક રીતે નિરોગી પણ દેખીતી ખામીના કારણે આવી વ્યક્તિઓને ખાસ કરીને જીવનસાથી મેળવવામાં બહુજ તકલીફ પડે છે અને મોટી ઉંમરે લગ્ન કે અત્યંત સમાધાન કરીને લગ્ન કરવા પડે છે. મારા એક મિત્રનો એમ. બી. એ. થયેલ અને સારી નોકરી કરતો પુત્ર, પૂનામાં ભણતી વખતે પાણીની ટાંકી પરથી પડી ગયેલ, જેના કારણ તે થોડો લંગડાતો ચાલે છે. તેનું ૪૦ વર્ષની વયે પણ લગ્ન નથી ગોઠવાતું. આવા અનેક કિસ્સાઓ આપણી આજુબાજુ જોવા મળે છે.

કેટલીક બીમારીઓ કે સ્થિતિ એવી હોય છે જેમાં નિયમિત જલદ દવાઓ લેવી પડે છે અને આ દવાઓની આડઅસરના લીધે બીજી અન્ય બીમારીઓ પણ લાગુ પડે છે. મારી ઓફીસના પટાવાળાનો ભાઈ ટેમ્પો ચલાવતો હતો અને એક અકસ્માતમાં તેને ગંભીર ઈજાઓ થઈ અને કરોડ રજ્જુને બહુ જ નુકશાન થયું. ચાર મહિનાના આરામ પછી તે પોતાના


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**


* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ


૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

સ્પેશિયાલીસ્ટ : લગ્ન, દાંડીયારાસ તેમજ વિવિધ પ્રોગ્રામો

**લંગા જુસબ હજુરીયા**

ગામ - તેરાવાલા





**ઢોલ, શરણાઈ વાદક**

રૂમ નં.૪૪, ચાઝ મંજીલ, કિશન નગર નં.૧, મુલુંડ ચેકનાકા, થાણા-૪૦૦૬૦૪.
ફોન : 25831862 મો.: 9820955162 / 9833354219

કામે લાગ્યો. તેને કોઈ દવાઓ નિયમિત લેવી પડતી અને તે દવાઓની આડઅસરના કારણે તેને કેન્સર થયું અને અકસ્માત પછીના માત્રે બે વરસમાં તેનું ૪૦ વર્ષની ઉંમરે મૃત્યુ થયું. આ વાત પટાવાળાએ મને કહેલ. આમ એક બીમારી અન્ય બીમારીને પણ ક્યારેક લાવે છે. કેટલીક વાર આવી જલદ દવાઓના કારણે દર્દીનો સ્વભાવ પણ ઉગ્ર બની જાય છે અને તેને શાંત રાખવા બીજી અન્ય દવાઓ (tranquilizers) પણ લેવી પડે છે. હમણાં વૉટ્સઅપ પર વાંચ્યું arthik કે ચાંદીની થાળીમાં ડાયેટ ખાખરો એ પ્રગતિ અને સમૃદ્ધિની નિશાની છે. મારું અંગત માનવું છે કે આર્થિક સમૃદ્ધિની સાથે આવી પરિસ્થિતિ કેટલીક વાર મફતમાં કે પરિશ્રમ કર્યા વગર જ મળે છે. બની શકે કે ભવિષ્યમાં આ સ્થિતિને ''સ્ટેટસ સિમ્બોલ'' પણ ગણાય !

લગભગ પાંચેક વર્ષ પહેલાં મારા કોલેજના એક મિત્ર મારી ઓફિસે આવ્યા તે ખૂબ જ સફળ ઉદ્યોગપતિ છે. કોઈ કંપનીનો મેનેજીંગ ડિરેક્ટર છે તેવું મને જણાવ્યું. મને મળવાની સાથે તેની સિદ્ધિનું પ્રદર્શન કરવાની તાલાવેલીની આછી ઝલક પણ તેની વાત પરથી લાગી. બપોરના જમવાનો સમય હોવાથી હું તેને નજીકની હૉટેલ માં જમવા લઈ ગયો. તો જમતાં પહેલાં સુગર કંટ્રોલની ૩-૪ ગોળીઓ લીધી, જમવામાં ખૂબ જ ફીકું જમણ લીધું, કેમકે અલ્સરની બીમારી હતી. જમ્યા પછી પાચન માટેની ગોળી લીધી. પછી જાણવા મળ્યું કે ઉચ્ચ રક્ત દાબ (High Blood Pressure) તેમજ અનિદ્રાના કારણે ઊંઘ માટે પણ તેને ગોળી લેવી પડે છે! આર્થિક સુખ અને પ્રસિદ્ધિની પ્રાપ્તિ માટે કેટલો ભોગ આપવો પડે છે. એટલે જ એવું કહેવાય છે કે મનુષ્ય પૈસા કમાવવા માટે શરીરનો ભોગ આપે છે અને પછી શરીર સાચવવા માટે પૈસાનો ભોગ આપે છે. મતલબ કે સુખની પ્રાપ્તિ માટે શરીરને કષ્ટ આપવું પડે છે. મોટા ભાગના તપ અને તપસ્યાઓમાં પણ સુખ કે શાંતિ માટે આનંદનો ત્યાગ અને શારીરિક કષ્ટ એ કેન્દ્ર સ્થાને છે. <u>સુખની પ્રાપ્તિ પણ દુઃખ કે તકલીફ ભોગવીને જ થાય છે !</u>

## ચાબહાર બંદર માટે કંડલાથી પહેલું જહાજ રવાના : ભારત-અફઘાન સમુદ્રી પરિવહનનું ઐતિહાસિક પગલું

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના સમુદ્રી માર્ગે માલ પરિવહન ક્ષેત્રના એક ઐતિહાસિક પગલામાં બંને દેશોએ સંયુક્તપણે ઘઉંના જથ્થા સાથેના જહાજને કંડલાથી ઈરાનના ચાબહાર જવા રવાના કર્યું હતું. આ જહાજ વ્યૂહાત્મક મહત્ત્વના ઈરાનના ચાબહાર બંદર થઇને અફઘાનિસ્તાન પહોંચશે. પાકિસ્તાનને 'બાયપાસ' કરીને નવા વ્યૂહાત્મક માર્ગે જઈ રહેલા આ જહાજને ભારતીય વ્યાપારના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ પગલું ગણાવાય છે.

ગુજરાતના દીનદયાળ પોર્ટ (કંડલા) થી રવાના થયેલા આ જહાજને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ તથા તેમના અફઘાનિસ્તાનના સમકક્ષ સલાહુદીન રબ્બાની દ્વારા વીડિયો કોન્ફરન્સ માધ્યમથી સંયુક્તપણે યોજાયેલા કાર્યક્રમમાં લીલીઝંડી આપવામાં આવી હતી. અફઘાનિસ્તાનના લોકો માટે ૧.૧૦ કરોડ ટન ઘઉં આપવાના ભારત સરકારના વચનના ભાગરૂપે આ શિપમેન્ટ રવાના થયું હતું.

નવી દિલ્હીથી હેવાલ મુજબ ભારતમાંથી અફઘાનિસ્તાનમાં ઘઉંનું શિપમેન્ટ મોકલવામાં આવ્યું છે, જેની ખાસ વાત એ રહી હતી કે પહેલીવાર ઈરાનના ચાબહાર પોર્ટ દ્વારા અફઘાનિસ્તાન મોકલવામાં આવ્યું છે. જેને ઐતિહાસિક ગણવામાં આવ્યું છે, કારણ કે તે અફઘાનિસ્તાનથી જોડાણ માટે ચાબહાર બંદરને કાર્યરત કરવાનો રસ્તો સાફ કરશે. અફઘાનિસ્તાનથી જમીન રૂટ ઉદ્યોગ કારોબારમાં પાકિસ્તાન અવરોધરૂપ બની રહ્યું છે. જેના જવાબમાં ઈરાનમાં ચાબહાર પોર્ટને ભારત વિકસાવી રહ્યું છે, જે આગામી વર્ષે ડિસેમ્બર સુધીમાં કાર્યરત થઈ જવાનું અનુમાન છે. ચાબહાર પોર્ટ દ્વારા ભારતથી માલ-સામાનને સમુદ્રી માર્ગ દ્વારા અફઘાનિસ્તાન મોકલવામાં આવી શકે છે.

વડાપ્રધાન મોદીની ગત વર્ષે મે મહિનાની ઈરાન યાત્રા દરમ્યાન ચાબહાર પોર્ટની સાથે અફઘાનિસ્તાનથી ટ્રાન્સપોર્ટ અને ટ્રેડ કોરિડોર માટે દ્વિપક્ષીય સમજૂતી થઈ હતી. જેનાથી મધ્ય એશિયા તથા યુરોપ માટે ભારતમાંથી શિપમેન્ટ મોકલવાનો ખર્ચ અને સમય અડધો થઈ જવા પામશે.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

# મૃત્યુ અને જીવન વચ્ચેનું બે ક્ષણનું અંતર....

## (એક મનોવૈજ્ઞાનિકની ડાયરીમાંથી)



એક વહેલી સવારે ઊગતા સૂર્ય અને કોયલના ટહુકાઓ વચ્ચે હું મારા હીંચકા ઉપર ઝૂલી રહી હતી ત્યાં મારા મનોચિકિત્સક મિત્રનો ફોન આવ્યો અને એક અવનવો કિસ્સો સમજવા માટે અમારી બેઠક યોજવાનું નક્કી થયું. હું જ્યારે હોસ્પીટલમાં દર્દીના રૂમમાં દાખલ થઈ ત્યારે મારા બે સહાયકો તેમ જ મુંબઈના વિખ્યાત એવા ત્રણ મનોચિકિત્સકો ત્યાં હાજર હતા. કિસ્સો એક ૩૭ વર્ષના યુવકનો હતો. ગોવાથી પોતાની ગાડીમાં આવતાં મધ્ય રાત્રીએ તેની ગાડીને એક ટ્રક સાથે ભયાનક અથડામણ થયેલી. તે એકલો જ ગાડી હંકારી રહેલો અને ન બચે તેવી સ્થિતિમાં મુંબઈ હોસ્પીટલમાં લવાયેલો. તે યુવકના પરિવારમાં માતા, પત્ની અને એક પુત્ર હતાં. ડોક્ટરોના અનુમાન મુજબ તે બચી શકે એમ જ નહોતો અને તેના પરિવારને ૨-૪ કલાકનો સમય સૂચવવામાં આવેલો. હતપ્રભ થયેલા કુટુંબીજનો આઘાત અને રૂદન વચ્ચે એક એક ઘડી ગણી રહેલા. પૂર્ણપણે કોમામાં જતા રહેલા તે યુવકના કુટુંબીજનો પાસે પ્રાર્થના સિવાય કોઈ ઉપચાર રહેલો નહોતો. કિન્તુ બીજે દિવસે સવારે બધાના આશ્ચર્ય વચ્ચે તે ભાનમાં આવવા લાગ્યો. બધા ડોક્ટરો અને પરિવારજનોના આનંદનો પાર ન રહ્યો! તે દિવસે સાંજે રાબેતા મુજબ મળવા આવેલા જ્ઞાનતંતુના ચિકિત્સક ડોક્ટરને તેણે એક અવનવી ઘટના કહી. તે કહે, ‘‘જ્યારે મારો એક્સિડન્ટ થયો ત્યારે બીજી જ ક્ષણે મને કોઈ અજ્ઞાત વ્યક્તિ દેખાઈ અને તે હાથ ઝાલી મને અત્યંત પ્રકાશિત લાઈટ તરફ લઈ ગઈ. બસ ત્યાર પછીનું મને કંઈ યાદ નથી પણ મને એ ચોક્કસ ખ્યાલ હતો કે હું કોઈના દ્વારા દોરવાઈ રહ્યો છું અને હું આ પરિસ્થિતમાંથી બહાર આવવાનો, જરૂર આવવાનો!’’

મૃત્યુ અને જીવન વચ્ચેનું માત્ર બે ક્ષણનું અંતર હોય ત્યારે આવો અનુભવ કોઈને થાય તે સામાન્ય રીતે તો વ્યક્તિની પરિકલ્પના જ લાગે. બધા ડોક્ટરો વિસ્મયથી આ કિસ્સો સમજવાની કોશિશ કરી રહેલા. એક મનોચિકિત્સક અમેરિકામાં સ્થિત તેના મિત્રનો અભિપ્રાય પણ લઈ ચૂકેલા. ‘‘અસંભવ’’, ‘‘અસંભવ’’, ‘‘હમ્બગ’’ સિવાય કોઈ શબ્દો કોઈની પાસે નહોતા. પણ મનથી ઉપર કોઈક અગમ્ય અને અજ્ઞાત શક્તિમાં માનનારા તેમ જ આધ્યાત્મિક વિચારસરણી ધરાવનારા એક અનુભવી મનોચિકિત્સકના સૂચનથી આ વસ્તુને ઊંડાણથી સમજવા અને આ અનુભવને નજરઅંદાજ ન કરવા એક કમિટી ઊભી કરવામાં આવી. આ કિસ્સામાં સંશોધનના ભાગરૂપે મને તે ટીમમાં જોડાવાનું આમંત્રણ આપવામાં આવ્યું. બધા એ જ અવઢવમાં હતા કે આ મનઘડંત પરિકલ્પના હતી કે સાચી હકીકત અને જો ખરેખર સાચી હકીકત હોય તો એવું અગમ્ય અને અજ્ઞાત તત્ત્વ કયું હતું જે આ યુવકને પ્રકાશ તરફ દોરી ગયું? તેને નવા જીવનની ભેટ આપી ગયું? પ્રકાશ

*નર્યાં નીતર્યાં સ્પંદન સ્પંદન, એકેકી પળ જીવન જીવન,*
*મબલક મબલક મનખો મબલક, રૂંવે રૂંવે ચીતવન ચીતવન.*

ક્યાંથી આવ્યો અને પ્રકાશ એટલે શું ? આ મરણપથારી પર પડેલો યુવક ખોટું બોલે એની સંભાવના અમને સર્વને ઓછી લાગી રહી હતી.

તે યુવકને મળવા તેના રૂમમાં હું એકલી ગઈ. મેં જોયું કે એ શારીરિક રીતે ઘવાયેલો પણ એની આંખમાં અત્યંત ચમક હતી. મને કહેવા લાગ્યો, ''ડોક્ટર હું પોતે અત્યંત નાસ્તિક છું, ભગવાન કે એવી કોઈ શક્તિમાં મને બિલકુલ વિશ્વાસ જ નથી પણ હું ખરેખર કહું છું કે મેં પેલી અજ્ઞાત વ્યક્તિ જોઈ છે અને મને તે વ્યક્તિ હજારો સૂર્યથી પણ વધુ પ્રકાશ તરફ લઈ ગઈ તે હકીકત છે. મને તો લાગે છે કે એ સ્વર્ગની જ પ્રતીતિ હતી. હું પોતે હજુ એ અનુભૂતિમાંથી બહાર નીકળી શકતો નથી....'' આટલી મોટી દુર્ઘટનાના થોડા જ સમયમાં એની આટલી સ્વસ્થતા જોઈ હું અચંબો પામી. આધુનિક વિજ્ઞાન જેને નિયર ડેથ એક્સપીરિયન્સ (Near Death Experience-NDE) તરીકે ઓળખે છે તેવો જ કંઈક આ કિસ્સો મને લાગ્યો. મૃત્યુની સાવ નજીક પહોંચીને પાછા ફરવાના અનુભવો વિશે સવિશેષ માહિતી મેળવતાં તે સંદર્ભે ઘણા કિસ્સાઓ મને હાથ લાગ્યા. પરદેશમાં તો આ વિષય પર ઘણુંબધું સંશોધન થયેલ છે. આવા અનુભવમાંથી પસાર થનારી વ્યક્તિઓએ મુખ્યતઃ કોઈ અજ્ઞાત શક્તિ દ્વારા પ્રકાશ તરફ લઈ જવાનું જ જણાવ્યું છે. દરેક વ્યક્તિ કદાચ મૃત્યુ સમયે આવું નયે અનુભવતી હોય પણ મૃત્યુનાં દ્વાર ઠોકીને પાછી આવેલી ઘણી વ્યક્તિઓ આવા અનુભવો વિશે લખે છે તે પણ કાંઈ ઓછું વિસ્મયકારક છે! આવા બધા વિચારો સાથે મેં તે દર્દીને ફરી પાછા મળવાના સૂચન સાથે વિદાય લીધી.

અજ્ઞાત શક્તિ, ઈશ્વરીય હાથ, અણધારી મદદ, સ્વર્ગ અને મૃત્યુની અનુભૂતિ બાદ જીવનમાં આવતો પલટો એ બધા શબ્દોએ મને રાત્રે ખૂબ વિચારે ચડાવી. મને ઘણા સમય પહેલાં વાંચેલી મહાન વિચારક કન્ફ્યુશિયસની માનવતાના સિદ્ધાંતો પર આધારિત એનાલેક્ટ્સ (Analects) યાદ આવી. એનાલેક્ટ્સમાં કન્ફ્યુશિયસ જણાવે છે કે સૈદ્ધાંતિક રીતે સત્ય અને સાચી વર્તણૂક વ્યક્તિને સ્વર્ગને પાત્ર બનાવે છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે બ્રહ્માંડમાં એવાં અનેક તત્ત્વો છે કે જે આપણા જીવનને માર્ગદર્શિત કરે છે. તેમનો સાથ અને સહકાર તેમ જ આપણી અંદર રહેલાં સારા તત્ત્વો અને નૈતિકતાના સેવન દ્વારા જ આપણે સ્વર્ગના અધિકારી બનીએ છીએ. આમ જોઈએ તો સ્વર્ગ હોવાની સાક્ષી તો બૌદ્ધ ધર્મીઓ પણ પૂરે જ છે. વળી જૈન મત તો અલગ અલગ પ્રકારનાં સાત સ્વર્ગ હોવાની સાક્ષી પૂરે છે. તેઓ આપણાં વિચારો, નૈતિક વર્તણૂક અને માનવતાવાદ તેમ જ આધ્યાત્મિક વિકાસના આધારે આપણને વિવિધ સ્વર્ગના અધિકારી ગણે છે. જો અનેક ધર્મો અને વિચારકો સ્વર્ગ હોવાની સાક્ષી પૂરે તો પછી સ્વર્ગ એકમાત્ર પરિકલ્પના ગણવી કે વાસ્તવિકતા ગણવી તે જ અવઢવમાં મારી રાત્રી પસાર થઈ.

બીજે દિવસે અમારી મીટિંગ વેળાએ અજ્ઞાત શક્તિમાં માનનારા અને સત્ય અનુભવ અને માત્ર ચક્ષુ દ્વારા જણાતા વિશ્વને જ સત્ય માનનારા એવા ચિકિત્સકો વચ્ચે થોડા મતભેદ પડવા લાગ્યા હતા. એક મનોવૈજ્ઞાનિક તરીકે મારી ફરજ તે યુવકને આ ટ્રોમામાંથી બહાર કાઢીને એક પ્રગતિશીલ અને અર્થસભર જીવન તરફ લઈ જવા સિવાય કંઈ નહોતી તે મને હવે સ્પષ્ટ સમજાઈ રહ્યું હતું. મેં જ્યારે બીજા દિવસે યુવકની મુલાકાત લીધી ત્યારે હજી પણ વિસ્મિત સ્થિતિમાં જ તે લાગ્યો. તેની તબિયત ઘણી સુધારા પર લાગી

*ધુમ્મસ કેવું ? વાત જ કેવી ? ચોખ્ખેચોખ્ખું ઈજન ઈજન,*
*આહ વિડંબન, હાશ ચિરંતન, બન્ને મિથ્યા, બંધન બંધન.*

પણ તેનાં પત્ની કહે, ‘‘ખબર નહીં એ એકદમ શાંત થઈ ગયો છે અને જાણે ઉદાસ રહેવા લાગ્યો છે. આખો દિવસ વિચારોમાં ગરકાવ થઈ બેસી રહે છે. જાણે કંઈક શોધતો હોય.’’ મેં તે યુવકને હસતાં હસતાં ઉદાસ થવાનું કારણ પૂછ્યું તો કહે, ‘‘હવે જાણે મારું અત્યાર સુધીનું જીવન સાવ નકામું ગયું હોય તેવી ફીલિંગ આવે છે. મને ક્યાંય ગમતું જ નથી. જ્યારે નવરો પડું છું ત્યારે તે જ સુંદર પળ ફરીફરી મમળાવું છું. મને તે પ્રકાશ જ આંખ સામે દેખાયા કરે છે.’’

અત્યાર સુધીની દેહ, મૃત્યુ, સંસાર સંબંધી બધી જ ભ્રમણા ભાંગીને ભુક્કો થાય ત્યારે ઉદાસીનતા સ્વાભાવિકપણે આવે એમ ચર્ચા કરતાં અમે આપણા મતિકલ્પના દ્વારા મનાયેલાં સત્યો ખરેખર કેટલાં ખોખલાં હોય છે તેવા તારણ પર આવ્યાં. તબિયત હવે સુધારા પર હતી છતાં પણ તે આ એક અનુભવથી બહાર નહોતો આવી શકતો એ  મને સ્પષ્ટ જણાઈ રહ્યું હતું. આ અનુભવથી પણ જિંદગી કંઈક વિશેષ છે તે તેને કેમ સમજાવવું ? જીવનમાં ઉદાસ હોવું કે તેના પ્રત્યે ઉદાસીન હોવું તે બંનેમાં તો ખૂબ તફાવત છે. તે જો ઉદાસ હોય તો તેમાંથી બહાર જરૂર કાઢવો તેમ મેં નક્કી કર્યું. આ સાથે પ્રકાશની આ પળનો ઉપકાર માનવો કેટલો જરૂરી છે કે જે પળે તેને નવું શારીરિક જ નહીં નૈતિક જીવન પણ આપ્યું તેથી તેના તરફ લક્ષ કેળવાય તેવી સાઈકોથેરપીની અગત્યની gratitude exercise કરાવવાનો મેં નિર્ણય કર્યો.

હવે પછીના સેશનમાં મેં તેને એક સુંદર ડાયરી ભેટ આપી જેને અમે ગ્રેટિટ્યુડ બુક (gratitude book) નામ આપ્યું. આ ડાયરીમાં તેણે રોજના પાંચ સારા અનુભવો અને તેનો ઉપકાર લખવાનું નક્કી કર્યું. આપણા જીવનમાં બનતી નાનામાં નાની ઘટનામાંથી કેટલાનો આપણે ખરેખર ઉપકાર માનતા હોઈએ છીએ અને કેટલા એનાથી વંચિત રહી જાય છે તે ક્યારેક આવી ડાયરી બનાવીએ ત્યારે સમજાય. હવા, પાણી, શ્વાસોચ્છ્વાસ જેવા બધા જ પ્રભુના ઉપકારને આપણે કેટલા સામાન્ય માની લીધા છે તે અનુભવાય. સવારના કોમળ તડકાથી લઈને દૂધ આપવા આવતા દૂધવાળા કે કિકિયારી કરતાં આપણા બાળકનો આપણા જીવનમાં હોવાનો આપણે ક્યાં ઉપકાર માનીએ છીએ! તે યુવકે પેલી અજ્ઞાત શક્તિનો અને છેલ્લે પ્રભુનો ઉપકાર ડાયરીમાં માન્યો ત્યારે એની નાસ્તિકતા શ્રદ્ધામાં પરિણમતી જોઈ મને ખૂબ આનંદ આવ્યો. પ્રકાશ જોયો તો જોયો પણ હવે પછી તેનાથી આગળ નીકળવું કઈ રીતે તેના પર વધુ વિચારવાનું નક્કી કરી મેં તેની વિદાય લીધી.

સૌપ્રથમ તેની ઉદાસીનતા દૂર કરવા અને તેનો આઘાત દૂર કરવા EMDR (આઈ મૂવમેન્ટ ડીસેન્સિટાઈઝેશન એન્ડ રિપ્રોસેસિંગ તરીકે ઓળખાતી સાઈકોથેરપીની પદ્ધતિ અપનાવવાની મેં ચાલુ કરી.

આ આઘાતજનક બનાવ કે ટ્રોમા આ યુવકની ઉદાસીનતાનું એક કારણ હોઈ શકવાની સંભાવના નકારી ન શકાય. આવી પરિસ્થિતિમાં આ પદ્ધતિનો ઉપયોગ આપણા આંતરમનમાં ઘટનાના પડેલા પ્રત્યાઘાતોને જડમૂળથી કાઢવામાં ખૂબ મદદરૂપ થાય છે. યુવકનો એક્સિડન્ટ અને તેની સાથે જડાયેલો ટ્રોમા દૂર કરવામાં આ પદ્ધતિ મને ખૂબ મદદરૂપ થવા લાગી. ટ્રોમા સંબંધિત માનસિક તણાવ, ઉત્તેજના અને તેને કારણે તેનું બાહ્યપણે અનુભવાતું ઉદાસીપણું ધીરે ધીરે સ્પષ્ટપણે ઓછું થવા લાગ્યું.

*ઓગળવું એ ટેક છે સાચી,*
*ઘટ ગોળીમાં મંથન મંથન*

દરેક સેશન બાદ તે વધુ આનંદિત અને ખુશ લાગવા મંડ્યો. મને કહે, ''મેડમ, મને ખૂબ સારું લાગી રહ્યું છે પણ આ પ્રકાશને વિશે વિચાર કરતાં મને લાગે છે કે અત્યાર સુધીનું જીવન મેં બેફામ જીવેલું તે ન જીવતાં હવે કંઈક સારું જીવવું જોઈએ તે જ સૂચવવા નિમિત્તે દેખાયેલો કદાચ આ પ્રકાશ મને નવી દિશા આપવા માગે છે.'' NDE (Near Death Experience) પછી વ્યક્તિમાં ધરમૂળથી ફેરફાર થાય તે વાંચેલુ પણ હું આજે તે પ્રત્યક્ષ અનુભવી રહી હતી. અજ્ઞાત શક્તિ, પ્રકાશ, જીવનની નૈતિકતા સંબંધે વિચરતાં આજે અમે ''ડાઈંગ ટુ બી મી'' અને ''વોટ ઈફ ધિસ ઈઝ હેવન'' નાં વિશ્વવિખ્યાત લેખિકા અનિતા મુરજાનીની વાત કરી. અનિતા મુરજાનીના જીવનનો વિખ્યાત બનાવ એ હતો કે તેઓ કેન્સરથી પીડાતાં હતાં. અનેક સારવાર બાદ લથડેલી તબિયતમાં બધા ડોક્ટરોએ હાથ ધોઈ નાખેલા અને સાવ કોમામાં સરી પડેલાં. તેમના બચવાની કોઈ આશા નહોતી. તેમને પણ આપણા યુવક જેવો જ પ્રકાશ અને અજ્ઞાત શક્તિનો અનુભવ થયેલો જે તેમણે તેમના પુસ્તકમાં ખૂબ સુંદર રીતે વર્ણવેલો છે. મૃત્યુના મુખ પાસેથી પાછાં ફરેલાં અનિતા મુરજાનીએ આ આઘાતજનક ઘટના પછી જીવન જીવવાનાં પાંચ મુખ્ય રહસ્યો જણાવ્યાં તે આપણે સહુએ જીવનમાં ઉતારવા જેવાં છે. ટૂંકમાં જોઈએ. પ્રથમ છે - પ્રેમ. તેઓ કહે છે બીજાને તો ઠીક પણ સર્વ પ્રથમ પોતાને પ્રેમ કરતાં શીખો. પોતાની જાતની કદર કરતાં શીખો. બીજું છે ડરરહિત નિર્ભય બની જીવો. આપણે નાનપણથી નાપાસ થવાનો ડર, વ્યક્તિઓને નાખુશ કરવાનો ડર, બીમારીનો ડર, કેન્સરનો ડર એવા અનેક ભય સેવીએ છીએ. એક પ્રેમ જ આપણને સલામતી આપી શકે છે. ત્રીજું મહત્ત્વ એમણે હાસ્યને આપ્યું છે. નાનામાં નાની ચીજ પર આનંદ અને હળવાશ અનુભવવી તે જ સાચી જીવન જીવવાની ચાવી જણાવી છે. ગમે તે પરિસ્થિતમાં આપણે કેટલું હસી શકીએ છીએ તે વિચારવાલાયક વાત છે. ચોથું જીવન એક ભેટ છે એ કોઈ ભારજનક ઘટના નથી એમ તેઓ કહે છે. જીવન બોજારૂપ હોય એમ જીવતી આપણી આજુબાજુ કેટલીયે વ્યક્તિઓ જોવામાં આવે જ છે! અરે લેખિકા તો ત્યાં સુધી કહે છે કે કેન્સર પહેલાં હું મરી રહી હતી કેન્સરે જ મને જીવતાં શીખવ્યું. હવે જ મારું સાચું જીવન શરૂ થાય છે. આ મુદ્દો અમે જ્યારે ચર્ચતાં હતાં ત્યારે તે યુવક કહે, ''મેડમ, મારે પણ આ નવું જીવન સામાજિક સેવામાં કાઢવું છે. મારા આ અકસ્માતે, સાવ વેડફાઈ રહેલી મારી લાઈફને જાણે નવી દિશા આપી છે તો તેને હવે પૂરો ન્યાય આપવો છે.'' સંપૂર્ણ સાજા થયા પછી તે પર આપણે જરૂરથી વિચાર કરશું તેવું મેં તેને વચન આપ્યું. પાંચમો અને અંતિમ મુદ્દો અનિતા મુરજાની કહે છે એ છે પોતે પોતાને ઓળખો, પોતે જે છો તે જ જીવો. Be yourself. Be Unique. તમારા જેવું આ જગતમાં બીજું કોઈ નથી તો પછી તમારી અદ્ભુતતા અને અલગતાને પિછાણો અને એ મુજબ જ જીવો.

જીવનની આ ચાવીઓની ઊંડાણથી ચર્ચા દરમિયાન અત્યંત હળવાશ અનુભવતાં અચાનક ગંભીરતાપૂર્વક તે યુવક મને કહે, ''મેડમ, એક વસ્તુ હજી આ લેખિકા ભૂલે છે. કોઈ અજ્ઞાત શક્તિ supreme power આપણી દેખરેખ કરે છે, તેમાં શ્રદ્ધા કેળવો.'' હું સ્તબ્ધ બની તેને જોઈ રહી. નાસ્તિકતાથી આસ્તિકતા તરફની તેની જીવન સફર મારે માટે એક અદ્‌ભુત ઘટના બની રહી.

**- પારૂલ દોશી**

* * *

*નાદબ્રહ્મનો ઘોષ અગોચર,*
*અલખ નિરંજન નિરંજન.*
*- સુરેન ઠાકર 'મેહુલ'*

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી વડાલા અછલગચ્છ જૈન સંઘ

પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીની આજ્ઞા આશિષ થી પૂ. સર્વોદયસાગરજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં ચાતુર્માસ ખૂબજ ધૂમધામથી પૂર્ણ થવાને આરે છે. ચાતુર્માસની પૂર્ણાહુતીના પ્રસંગે પંચાન્હિકા મહોત્સવ દરમ્યાન ૨૬-૧૦-૨૦૧૭ના શ્રી સંભવનાથ પંચકલ્યાણક મહાપૂજા, ૨૭-૧૦ના શ્રી વીશ સ્થાનક વંદનાવલી અનુષ્ઠાન, ૨૮-૧૦ના શ્રી નવકાર મહામંત્ર ભાષ્ય જાપ ૨૯-૧૦ના શ્રી ચંદ્રપ્રભુ જવાલામાલી દેવી મહાપૂજન અને ૩૦-૧૦ના મુમુક્ષુ શ્રી જયકુમાર ભૂપેન્દ્ર મુરજી ગડા-ભીંસરાવાળાની વર્ષીદાન રથયાત્રા, બાદ સંયમ સત્કાર સમારોહ અને દરેક અનુષ્ઠાન બાદ શ્રી સંઘ સાધર્મિક ભક્તિનું આયોજન થયું. ચાતુર્માસ દરમ્યાન ચાતુર્માસના ચેરમેન મહેન્દ્ર માવજી સાવલા અને વાઈસ ચેરમેન સૌ. દર્શના અશ્વીન ધરમશીની સેવાઓ નોંધપાત્ર રહી. ચાતુર્માસ દરમ્યાન પૂ. સર્વોદય સાગરજી મ.સા. ટૂંકી માંદગી બાદ કાળધર્મ પામ્યા. તેમની ગુણાનુવાદ સભામાં માટુંગા સંઘની શ્રી નારાણજી શામજી વાડીના બન્ને હોલમાં શ્રમણવૃંદ શ્રાવક-શ્રાવિકાઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી. માટુંગા સંઘે પોતાની વાડીની વ્યવસ્થા કરી આપી તે અનુમોદનીય છે.

### પ્રબોધ મુનવરના સેવાકાર્યની સ્વીકૃતિ

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદ દ્વારા શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર (કોઠારા) હાલે વર્ધમાનનગર - કચ્છ ને વર્ષ ૨૦૧૭ના રાજ્યનાં બેસ્ટ પેરાલીગલ વોલીન્ટીયર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓમાંના વિવિધ સ્વયંસેવકોમાંથી પ્રબોધભાઈ સૌથી શ્રેષ્ઠ સ્વયંસેવક તરીકે જાહેર કરાયા છે. દિલ્હીમાં ૯ નવેમ્બરના લીગલ સર્વિસ દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયું છે.

### વડોદરામાં દિપાવલી મહોત્સવ

વડોદરા કેડીઓ નગરે પૂ. સાધ્વી શ્રી હંસાવલી મ.સા.ની નિશ્રા હેઠળ દિપાવલી પર્વ દરમીયાન ૧૯-૧૦-૨૦૧૭ના દિવસે મહાલક્ષ્મી પૂજનનું આયોજન માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા-સાંયરા પરિવાર તરફથી કરવામાં આવ્યુ પૂજન બાદ સંઘ સ્વામી ભક્તિનો લાભ પણ આ પરિવારે લીધો આ દિવસે બહોળી સંખ્યા માં વડોદરા અને બહારગામથી પધારેલા લગભગ ૨૫૦ સાધર્મિક ભાઈઓ-બહેનોએ પૂજનમાં ભાગ લીધો. સાંજે સમુહ ચોપડા પૂજન તથા અલ્પાહારનું આયોજન રાખવામાં આવ્યુ. રાત્રે ૨૪ તિર્થંકરની ભાવયાત્રા નું આયોજન શ્રીમતી વર્ષાબેન રાજેશભાઈ મોતા ટીકીટાર પરિવાર તરફથી રાખવામાં આવ્યુ .

૨૦-૧૦-૨૦૧૭ના નુતન વર્ષે ગૌતમ સ્વામી પૂજનનું આયોજન માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા-સાંયરા પરિવાર તરફથી કરવામાં આવ્યુ પૂજન બાદ સંઘ સ્વામી ભક્તિનો લાભ પણ આ પરિવારે લીધો.

### ક.દ.ઓ જૈન સંઘ કાંજૂરમાર્ગમાં આયંબીલની ઓળી તથા ૨૧ દિવસીય વિમલનાથ ભગવાનના જાપ

નવરાત્રી દરમ્યાન દરરોજ મહાકાળી માતાજીની ભાવના તથા અંબેમાતાજીની આરતી, ગરબા દાંડિયાની રમઝટમાં ભાવિકોએ લાભ લીધેલ. કાંજૂરમાર્ગ અચલગચ્છ સંઘમાં ચાતુર્માસ અર્થે પૂ. સાધ્વીશ્રી મહોદયાશ્રી મ.સા.ના શિષ્ય, પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રી મ.સા.ના શિષ્ય, પૂ. સાધ્વીશ્રી હર્ષનિધિશ્રી મ.સા. આદિઠાણા-૨ ની નિશ્રા મળી છે. ક.દ.ઓ. જૈન સંઘ-કાંજૂરમાર્ગમાં પૂ. સાધ્વીશ્રી શ્રેયસકરાશ્રી મ.સા.ની પ્રેરણાથી આયંબીલની ઓળીનો લાભ માતુશ્રી કાંતાબેન મુરજી રાઘવજી લોડાયા (સાંધવ-દાદર)વાલાએ લીધેલ. ઓળી દરમ્યાન શ્રી વિમલનાથ દાદાના ૨૧ દિવસીય જાપનું અનુષ્ઠાન, પૂ. સાધ્વી શ્રેયસકરાશ્રી મ.સા.ની પ્રેરણાથી કરેલ. આ અનુષ્ઠાનમાં પૂ. સાધ્વી હર્ષનિધિશ્રી મ.સા. તથા પૂ. સાધ્વી શ્રેયસકરાશ્રી મ.સા. નિશ્રા આપેલ. આ અનુષ્ઠાન તથા આયંબિલમાં સારી સંખ્યા હતી. શ્રી વિમલનાથ દાદાના ૨૧ દિવસીય જાપનું અનુષ્ઠાનનો લાભ માતુશ્રી કાંતાબેન મુરજી રાઘવજી લોડાયા (કચ્છ-સાંધવ-દાદર)વાલાએ લીધેલ.

આ આયંબીલ તથા અનુષ્ઠાનનું આયોજન તથા સાથ સહકાર શ્રી અનંતનાથજી મહિલા મંડળે સંભાળેલ.

### કે.ડી.ઓ. યુથ ફોરમ-કોઈમ્બતુર

કે.ડી.ઓ. યુથ ફોરમ-કોઈમ્બતુર ચેપ્ટરની સામાન્ય સભા ૧ ઑક્ટોબર ૨૦૧૭ના થયેલ જેમાં આ વર્ષ ૨૦૧૭ થી ૨૦૧૯ માટે નીચે પ્રમાણે પદાધિકારીઓની ચુંટણી કરવામાં આવેલ છે. પ્રમુખ - શ્રી જીગ્નેશ પી. શાહ, ઉપપ્રમુખ - શ્રીમતી પૂર્વા એસ. નાગડા, માનદમંત્રી - શ્રી વિશિત એલ. શાહ, સહમાનદ મંત્રી - શ્રી ધૈર્ય બી. શાહ, ખજાનચી - શ્રી અંકીત એન. શાહ, કારોબારી સભ્યો - શ્રી અનંત કે.

ડાઘા, શ્રી હંસ ડી. લાલકા, શ્રીમતી કૃતી જે. શાહ, શ્રી સૌરભ બી. શાહ અને ચી. દર્શન બી. મોમાયા. મહાજનના પ્રતિનિધીઓ શ્રી મનીષ લોડાયા અને શ્રી ડૅની લાલકાએ ચુંટણી કમીશનર તરીકે સેવાઓ આપી હતી.

### તીરપુર (તામીલનાડુ) ખાતે આઈ કેમ્પ

શ્રી સતીષ હંસરાજ નાગડાના સહયોગથી રાઉન્ડ ટેબલ લેડીઝ વીંગ તથા લોટસ આઈ હૉસ્પિટલના ઉપક્રમે મ્યુનીસીપલ સ્કુલ મન્નરાઈ, તીરપુર ખાતે આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી જેમાંથી ૫૦ વિદ્યાર્થીઓને વધુ તપાસણી માટે બીજા દિવસે હૉસ્પિટલમાં મોકલાયા તથા જરૂરતમંદ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ચશ્મા આપવામાં આવ્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-હૈદરાબાદ

મહાજનનું દિવાળી સ્નેહ મિલન ૨૨-૧૦-૨૦૧૭ના કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ મધ્યે યોજવામાં આવ્યું. સાથે જ્ઞાતિ મહાજનની વાર્ષિક સામાન્ય સભા પણ રાખવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્રના સ્મરણ, દીપ પ્રજવલનથી કરવામાં આવી. આ પ્રસંગે જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની તસવીરને માલા અર્પણ કરી ઋણ સ્વીકાર કરવામાં આવ્યું. પ્રમુખ શ્રી ધનપતભાઈ લાલજી મોતાએ પધારેલ સર્વે જ્ઞાતિજનોને આવકાર આપી શુભેચ્છા વ્યક્ત કરેલ. ઉપપ્રમુખ શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયાએ પધારેલ જ્ઞાતિજનોનું અભિવાદન કરી જ્ઞાતિજનોની એકતા-અખંડતા પર પોતાના મંતવ્યો દર્શાવ્યા, યુવાધનના મહત્ત્વ પર એમણે વિશેષ ભાર મૂકી સમાજમાં આગળ આવી પરિવર્તનના આ જમાનામાં એમની સેવાઓ નો લાભ લેવા જણાવેલ.

માનદ્ મંત્રીશ્રી હિરેનભાઈ (રાજુભાઈ) મુલજી પટેલે વાર્ષિક અહેવાલની રજુઆત કરેલ. વર્ષ દરમ્યાન સંસ્થા દ્વારા થયેલ પ્રવૃત્તિઓ પર વિગતવાર પ્રકાશ પાડેલ. ખજાનચીશ્રી લેહરચંદ ટોકરશી લોડાયાએ મહાજનનો વાર્ષિક આવક-જાવકનો અહેવાલ રજુ કરેલ.

મહિલા મંચના પ્રમુખ શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયાએ જ્ઞાતિજનોને આવકાર આપી શુભેચ્છા આપેલ. માનદ મંત્રીણી શ્રીમતી ગ્રીષ્માબેન ગીરીશ મોતાએ વર્ષ દરમ્યાન મહિલા મંચ દ્વારા થયેલ પ્રવૃત્તિઓ પર વિગતવાર પ્રકાશ પાડેલ. મહિલા મંચ દ્વારા રાસ-ગરબા કાર્યક્રમની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૭માં એસ.એસ.સી.ની પરીક્ષામાં સર્વોચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું માતુશ્રી લક્ષ્મીબેન ઉત્તમચંદ લાપસીયા તથા માતુશ્રી જેતબાઈ જેતશી ધુલ્લા રજત પદકથી સન્માન કરવામાં આવ્યું. તેમજ દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમ દ્વારા તેલંગાણામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને નગદ પારિતોષિક આપવામાં આવેલ. ઈન્ટર, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટમાં સર્વોચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું માતુશ્રી જેતબાઈ જેતશી ધુલ્લા રજત પદકથી સન્માન કરવામાં આવેલ. તેમજ ૭૫ ટકાથી વધુ ગુણાંક મેળવનાર એસ.એસ.સી. અને ઉચ્ચ અભ્યાસક્રમોમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સર્ટીફિકેટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. રમત ગમત ક્ષેત્રે નેશનલ લેવલ પર સ્વીમીંગમાં મેડલ મેળવનાર વિજેતાનું પણ સન્માન કરવામાં આવેલ.

દિવાળી સ્નેહમિલનના સ્વામી વાત્સલ્ય દાતા માતુશ્રી રાજબાઈ પદમશી મોતા પરિવાર, કુવાપધર-કચ્છ હસ્તે શ્રીમતી જયશ્રીબેન ભરત મોતાનું આ પ્રસંગે બહુમાન કરવામાં આવ્યું. સમાજ માટે દાનની ટહેલ નાખતાં ખૂબજ સારો પ્રતિસાદ મળ્યો. કાયમી ફંડના દાતાઓ ૧) માતુશ્રી ચંપાબેન હેમરાજ મૈશેરી, જખૌ, ૨) શ્રી માણેકજી શામજી લાલકા, વાંકુ, ૩) માતુશ્રી ચંપાબેન નરશી મોમાયા, વારાપધર, ૪) શ્રી માણેકજી ઘેલાભાઈ લોડાયા, વારાપધર, ૫) શ્રી ભરત લક્ષ્મીચંદ લોડાયા, વારાપધર. સહયોગ આપવા બદલ એમનું બહુમાન કરી આભાર વ્યક્ત કરવામાં આવેલ. 'ડૉક્ટર ઓફ લાફ્ટર' શ્રી મહેશનાથ દુબે ખાસ મુંબઈથી પધારી હાસ્ય કાર્યક્રમની પ્રસ્તુતિ દ્વારા કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન હૈદરાબાદ દ્વારા તેલંગણામાં વસતા જ્ઞાતિજનોનું વસ્તીપત્રકનું આગામી દિવસોમાં પ્રકાશન કરવામાં આવશે. તેનાં વિગતની વિસ્તૃત માહિતી ઉપપ્રમુખ શ્રી હેમાંગભાઈએ આપેલ. પરિવારજનોની વિસ્તૃત માહિતી સાથેનાં ફોર્મ તથા વિજ્ઞાપન દાતાઓની માહિતી મેળવવાનું કામ પૂર્ણતાના આરે છે. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતી રશ્મિબેન રાજેશ લોડાયાએ કરેલ.

### મગફળીનો પાક અબડાસાને ૧૦ કરોડ કમાવી દેશે

અબડાસામાં ચાલુ વર્ષે શ્રીકાર વરસાદના પગલે મગફળીનું અભૂતપૂર્વ વાવેતર કરાયા પછી હવે તેના ફાલ ઉતારવાનું ચાલુ કરાયું છે અને ઓપલર જેવા મશીનો કામે લગાડાયા છે. મગફળીનો ફાલ ઉતરવાનું હજી ૧ મહિનો ચાલુ રહેશે. જે શ્રમજીવી વર્ગ માટે આશીર્વાદરૂપ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગત ઑગસ્ટના બીજા સપ્તાહમાં મેઘકૃપા થવાના પગલે વાયોર, વાગોઠ, ઉકીર, જેઠમલપર, વારાપધર, ફુલાય, અકરી-તુંબડી, નાની-મોટી બેર, તેરા, કુણાઠિયા, કાળાતળાવ, સુડધ્રો નાની-મોટી, રાણધણઝર, બિટ્ટા, ધુફી, કરૈયા, ડુમરા, પાટ, વરાડીયા, ખાનાય, લાખણિયા, બારા, કૈયારી, હમીરપર, સુથરી, બેરા, આધાપર, આરીખાણા, વાંકુ, રાપરગઢ, કડુલી, નલિયા, જખૌ, દદામાપર વગેરે ૧૦૦થી વધુ ગામોમાં મગફળીનું બિનપિયત

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ઉમરશી દેવજી મૈશેરી (રાયપુર)** | મો.: ૦૯૬૬૯૯ ૮૯૩૦૦ / ફોન: ૦૭૭૧-૨૫૨૮૫૨૯ |
| **નિતેશ ઉમરશી મૈશેરી** | મો.: ૦૯૮૨૭૧ ૦૫૩૨૧ |
| **નિલેશ ઉમરશી મૈશેરી** | મો.: ૦૯૧૭૯૮ ૬૮૬૨૫ |
| **મિતેશ ઉમરશી મૈશેરી** | મો.: ૦૯૮૨૭૮ ૦૬૨૬૪ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૮-૧૭ | કલીકટ | ધીયાન, મોનિકા લોકેશ દીપક મોતા | વારાપધર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૧૧-૧૭ | રાયપુર | જીગર કલ્યાણજી આણંદજી ખોના | સાંયરા | ૩૧ |
| | સાંગલી | ધારા હીરેન લક્ષ્મીચંદ વિકમશી | સુથરી (રાણપુર) | ૩૧ |

### સગપણ (ભૂલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૧૦-૧૭ | વડોદરા | પારસ દિનેશ જેચંદ લોડાયા | જખૌ | ૨૬ |
| | નાંદેડ | પૂજા હર્ષદ લક્ષ્મીચંદ લાપસીયા | દુલતુંગી | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૧૦-૧૭ | અંકલેશ્વર | ઉત્તમ રાઘવજી નાગડા | કોઠારા | - |
| ૩૦-૧૦-૧૭ | વાપી | ઉમરશી ચાંપશી લાલકા | વારાપધર | ૭૨ |
| ૩૦-૧૦-૧૭ | વડાલા | શ્રીમતી સુશીલા દેવચંદ લોડાયા | ગોરખડી | ૭૬ |
| ૦૧-૧૧-૧૭ | જામનગર | તિલકચંદ ડુંગરશી નાગડા | પરજાઉ | ૬૩ |
| ૦૩-૧૧-૧૭ | કલકત્તા | અરવિંદ શીવજી મૈશેરી | સાંધાણ | ૮૮ |

જમીનમાં અભૂતપૂર્વ વાવેતર કરાયું હતું. એકંદર એક લાખ વીસ હજાર એકર જમીનમાં વાવેતર કરાયા પછી હવે તેનો ફાલ ઉતારવાનું ચાલુ કરાયું છે. પ્રત્યેક એકરદીઠ ૧૫થી ૨૦ ગૂણીનો ઉતાર આવે છે. એટલે એક એકંદર ૧૩ હજાર ખેડૂતોની ૮થી ૧૦ કરોડની આમદની થાય તેવી સંભાવના છે. ઉપરા ઉપરી નબળા વર્ષ બાદ આ આવક ખેડૂત વર્ગને બેઠા થવા ભારે મદદ કરશે તેવું મનાય છે.

મગફળીનો ફાલ ઉતારવા માટે અબડાસામાં વિવિધ ગામોમાં ૨૦૦થી ૨૫૦ ઓપલર મશીનો કામે લગાડાયા છે. ૧૫૦ જેટલા ઓપલરો કચ્છના અન્ય વિસ્તારોમાંથી આવ્યા છે. આ તમામ ગતિવિધિમાં આર્થિક ચક્ર ભારે વેગ પકડીને ફરવા માંડતા અત્યારે અનેક જણ વ્યસ્ત બની જાય છે.

સુથરી અને કાંઠાળ વિસ્તારના ગામો બેરા, આધાપર, આરીખાણા, વાંકુ, રાપર (ગઢ), કમન, કડુલી સહિતની ૧૦ હજાર એકર જમીનમાં ગત ઑગસ્ટ માસ દરમ્યાન વાવેતર કરાયા પછી હવે તેનો ફાલ ઉતરવા લાગ્યો છે. સુથરી સ્થિત ખેડૂત જાફરભાઈ સુમરાના જણાવ્યાનુસાર પ્રત્યેક એકર દીઠ ૧૮થી ૨૦ ગૂણી જેટલો ઉતાર આવી રહ્યો છે. મગફળી કાઢવા માટે ઓપલરની મદદ લેવાઈ રહી છે. પ્રત્યેક કલાકના રૂા. ૪૫૦થી ૫૦૦ના દરથી ઓપલર ભાડેથી પ્રાપ્ત છે. તેવું તેમણે જણાવ્યું હતું.

('જન્મભૂમિ'માંથી સાભાર)

### (કચ્છી કસબ - ૧૧૦ ના ઉકેલ)

ઊભી ચાવીઓ -
(૧) ધંજ (૨) ડીજા (૪) લગીને (૫) પડસુધી (૬) કોંજીવ (૮) રાવ (૯) જેજા (૧૧) આકળ (૧૨) રોળ (૧૩) રોલીપ્યો (૧૫) રાંક (૧૭) ચપ (૧૯) ખનેર (૨૦) વાય (૨૧) ડેતો (૨૩) સોંસરો (૨૪) ચોરા (૨૫) પોય (૨૭) વોણું (૨૯) ચાનસ (૩૧) ગોલું (૩૨) કોલા

આડી ચાવીઓ -
(૧) ધંગડીયો (૩) વેલટીપઇ (૭) ઇં (૯) જેજી (૧૦) સુધ (૧૧) આવરોજાવરો (૧૪) રોંધી (૧૬) લીસો (૧૭) ચક (૧૮) તપ્યો (૧૯) ખપ (૨૦) વાની (૨૧) ડેને (૨૨) બ (૨૩) સોંઢાય (૨૪) ચોપો (૨૬) તોર (૨૭) વોરાય (૨૮) પેચા (૩૦) રોગો (૩૩) મેં (૩૪) લુંછ (૩૫) અધલાણ (૩૬) ફૂંસ

# પ્રેમના પરિમલમૂર્તિ પૂજ્ય માવિત્રને આદરાંજલી



વર્ષો ગયા, મહિના ગયા, દિવસો પણ વીતતા જાય,
હજુ સુધી સહેવાતી નથી આપની વસમી વિદાય.
આપ અમારું છત્ર બનીને બેઠા હતા.
આપનું સાદગીભર્યું જીવન, આપના સંસ્કારો અને
સદ્‌ગુણો અમારા આધાર બની રહ્યા.
હેતભીની સ્મૃતિઓનું સ્મરણ આપ મુકતા ગયા.
આપની તસ્વીર દેખી આજે પણ અમારી આંખો ભીંજાય છે.
હે પ્રભુ ! અમારા માતુશ્રી અને પિતાશ્રીને પરમ શાંતિ અને
સદ્‌ગતિ પ્રાપ્ત થાય એજ પ્રાર્થના.



**અ.સૌ. તારાબેન નવીનચંદ્ર છેડા.**
જન્મ: તા. ૧૧.૧૧.૧૯૪૩
અરિહંત શરણ: તા. ૧૨.૦૮.૨૦૦૮

**સ્વ. નવીનચંદ્ર કલ્યાણજી છેડા**
જન્મ: તા. ૯.૦૪.૧૯૩૯
અરિહંત શરણ: તા. ૧૧.૧૧.૨૦૧૧

# ભાવભીની સ્નેહાંજલી



વિધાતાની પકડી આંગળી,
તું તો ચાલી ગઈ અમથી દૂર.
લગીરે વિચારના કર્યો કે,
જીવશું તુજ વીણ કેમ ?
સુખ દુઃખમાં સાથે હસતાં રડતાં,
વીતી જતા તાં પળ.
પણ આજે પળ પળ વસમું લાગે,
તુજ વિણ ઓ પ્રિયવર.
પ્રેમ **વર્ષા**નો અમૃત વરસાવી,
કરી દીધાં સૌને તરબોળ.
હવે તો અમ અશ્કનાં ઝાકળબિંદુ,
કરી દે છે તુજ યાદોમાં તરબોળ.

**સૌ. વર્ષા જયેશ છેડા**
જન્મ: તા. ૨૩.૧૧.૧૯૬૭
અરિહંત શરણ: તા. ૩૦.૦૩.૨૦૧૫

લિ. આપનો સહૃદયી પરિવાર  જયેશ નવીનચંદ્ર છેડા  જય જયેશ છેડા  ચાર્વિ વિજય છેડા

ગામ: વારાપધર  હાલ: ભાંડુપ

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (06-11-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ : ૧૯૨૨

અરિહંત શરણ : તા. ૨૪-૧૦-૨૦૧૭

## માતુશ્રી મુરબાઈ ટોકરશી દામજી ધરમશી - ઉ.વર્ષ : ૯૫

(જસાપર-મુલુંડ)

આપનો પ્રેમાળ અને વાત્સલ્ય ભર્યો ચહેરો, આપનો શાંત, સરળ, ધાર્મિક સ્વભાવ,
સદા આપશે અમને પ્રેરણા, અને બની રહેશે અમારા પથદર્શક !

પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને ચીરશાંતિ અને ઉચ્ચ ગતિ આપે એજ પ્રાર્થના.

-: શોકાતુર :-

શ્વસુર પક્ષ : રતનબાઈ દામજી ધરમશી પરિવાર (જસાપર - મુલુંડ)
માવીત્ર પક્ષ : લક્ષ્મીબેન જીવરાજ વેલજી લોડાયા (નલિયા-મુલુંડ)
પુત્ર-પુત્રવધુ : જયાબેન લક્ષ્મીચંદ ધરમશી (ગાંધીધામ), અ.સૌ. અરૂણા ગિરીશ ધરમશી (મુલુંડ), અ.સૌ. મીરા પંકજ ધરમશી (મુલુંડ)
પુત્રી-જમાઈ : ગ.સ્વ. સુશીલા નવીનચંદ્ર ખોના (તેરા-મુલુંડ), અ.સૌ. જ્યોતિ નરેન્દ્ર દંડ (તેરા-મુલુંડ)
પૌત્ર-પૌત્રવહુ : બીના નિલેશ ધરમશી, અવની ગૌતમ ધરમશી, રેશ્મા અભય ધરમશી, ખુશ્બુ સમીર ધરમશી
પૌત્રી-જમાઈ : હિના દિપક મૈશરી (લાલા-મુલુંડ), જ્યોતિ શૈલેષ નાગડા (તેરા-ગાંધીધામ), હર્ષા પંકજ ગોસરાણી (જામનગર-મુલુંડ)
પૌત્રી-જમાઈ : વંદના નીપેશ પટેલ (બાંઢીયા-ઐરોલી), પ્રિયંકા અમિત લોડાયા (સુથરી-મુલુંડ)
દોહિત્રી-જમાઈ : બીના સંજય ખોના (તેરા-મુલુંડ), દીપલ દિપક દંડ (તેરા-મુલુંડ)
દોહિત્રી-જમાઈ : કાજલ નવીનચંદ્ર ખોના (તેરા-મુલુંડ), ધારિણી આશિક નાગડા (તેરા-ચુનાભટ્ટી)
પરપૌત્ર-પૌત્રી : ફોરમ, ઉત્કર્ષ, જીયા, ધર્મિક, જીનાંશ
પરદોહિત્ર-દોહિત્રી : અંકિત, ધૃતિ, પાર્થ, નિલાંજ, જિનીશા, પ્રિતેશ, ક્રિશ, સાંચી, દૈવ્ય, અમયરા
ભાઈઓ : સ્વ. ભવાનજી જીવરાજ લોડાયા (નલિયા-મુલુંડ), ખેતશી જીવરાજ લોડાયા (નલિયા-મુલુંડ)
બહેનો : નવલબેન નવીનચંદ્ર ધરમશી (સુથરી-પુના), સ્વ. મણિબાઈ કેશવજી લાલકા (બાંઢીયા-મસ્જિદબંદર)

**ઋણ સ્વીકાર : ધરમશી તથા લોડાયા પરિવારના વડીલશ્રીના અરિહંતશરણ નિમિત્તે વિવિધરૂપે સાંત્વના આપવા બદ્દલ સૌનો અંતઃકરણપૂર્વક આભાર**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,